
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-4 * Issue-6
APRIL-2004
ચૈત્ર
એપ્રિલ-૨૦૦૪
આત્મ સંવત : ૧૦૮
વીર સંવત : ૨૫૩૦
વિક્રમ સંવત : ૨૦૬૦
પુસ્તક : ૧૦૧

ब्रूह्यल्पं कुरु चानल्पं भव सौम्यश्च सात्विकः ।
स्वप्रशंसामकुर्वाणः प्रशस्यो भव कर्मणा ।।

*

થોડું બોલ અને ઘણું કર. સૌમ્ય તથા સાત્ત્વિક બન, અને આત્મપ્રશંસા નહિ કરતાં કાર્યથી પ્રશંસનીય થા. ૭

*

Speak less and do more. Be gentle as well as virtuous. And abandoning self-praise be praise worthy by work. 7

*(કલ્યાણભારતી ચેપ્ટર-૧૧ : ગાથા-૭, પૃષ્ઠ-૨૪૭)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાણી...પાણી...પાણી...

પાણીના બે સ્વભાવ સતત યાદ રાખો :—

પહેલો એ છે કે :—એ કોઈપણ જગ્યાએ ગોઠવાઈ જવા તૈયાર હોય છે. એ ગમે તેવા આકારના વાસણમાં પોતાની જાતને સમર્પિત કરી દે છે.

એ લોટામાં રહી શકે છે તો ગ્લાસમાં પણ રહી શકે છે, તપેલીમાં રહે છે તો માટલામાં પણ રહે છે...! એ ક્યારેય કોઈ ચોક્કસ આકારના વાસણની હિમાયત કરતું નથી...

આપણે પણ આવો ગુણ કેળવવાની જરૂર છે.

ઠંડી ઓછી હોય ત્યાં જ હું તો રહી શકું... ઉનાળામાં પંખા વિના ચાલે જ નહિ... સવારના પહોરમાં ચા પીધા વિના ચેન ન પડે... રાતના એરકંડીશન ઓરડો ન હોય તો મને ઊંઘ જ ન આવે... અમુક વ્યક્તિ સાથે મને ન ફાવે... હું કહું તે તો થવું જ જોઈએ...!

આવી અનેક પ્રકારની વિચિત્ર માન્યતાઓને લઈને આપણે જીવન જીવી રહ્યા છીએ અને એટલા માટે જ ડગલે ને પગલે મનમાં સંકલેશો પેદા થયા કરે છે.

મેળવવી છે આ ત્રાસમાંથી મુક્તિ ? ચાર સૂત્રો યાદ રાખો...

**ચાલશે... ફાવશે... ભાવશે... ગમશે...!**

પછી માણો જીવનનો આનંદ. ઉદ્વેગ તો ભાગી જ જશે. બીજો સ્વભાવ છે શીતળતાનો...!

એને ગમે તેટલું ગરમ કરોને છેવટે ઠરવાનું જ. એને ઠંડું પાડવા મહેનતની જરૂર નહીં પડે.

સામી વ્યક્તિ ગમે તેટલો પ્રયત્ન કરે તપાવવાનો, અરે ! કદાચ તપી પણ જવાય તો ય છેવટે ઠરતાં શીખો.

એક બીજાની ભૂલોને ભૂલીશું તો જ ઠરાશે અને જે ઠરશે તે જ તરશે.

**અભિષેક એક્સપોર્ટ**

અભિષેક હાઉસ, કદમપલ્લી સોસાયટી,
જીવન ભારતી સ્કૂલ સામે, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.
ફોન : ઓ. (૦૨૬૧) ૨૪૬૦૪૪૪ ફેક્સ : ૨૪૬૩૬૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર
(ફક્ત સભ્યો માટે)

* * *

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત—ઉપપ્રમુખ
(૩) જશવંતરાય ચીમનલાલ ગાંધી—ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કેશવલાલ મહેતા—માનદ્મંત્રી
(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—માનદ્મંત્રી
(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—માનદ્મંત્રી
(૭) હસમુખરાય જયંતીલાલ શાહ—ખજાનચી

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦
અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

# શ્રી આત્માનંદ પ્રકાશ

**તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ**

## અનુક્રમણિકા

(૧) **ક્ષમામૂર્તિ પ્રભુ મહાવીર**
—ભાનુમતિ દલાલ ૨

(૨) **ધન્ય અક્ષયતૃતીયા**
રજૂકર્તા : દિવ્યકાંત સલોત ૪

(૩) **મનુષ્ય સ્વર્ગ પણ રચી શકે છે**
રજૂઆત : મુકેશ એ. સરવૈયા ૮

(૪) **એક અણમોલ અનુપમ અને અદ્‌ભુત ગ્રંથમણિ 'બત્રીશ બત્રીશી'ની રોમહર્ષક વિશદ વિવેચના**
—ગુણવંત છો. શાહ ૧૦

(૫) **શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ**
—ચંપકલાલ ટી. દોશી ૧૫

(૬) **અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા**
—કાંતિલાલ દીપચંદ શાહ ૧૬

(૭) સમાચાર સૌરભ ૧૯

(૭) પં. ભદ્રંકરવિજયજી મ.ના પ્રવચનો ૨૨

**હંમેશા બીજાનું ભલું ઇચ્છો. બધાની સાથે પ્રસન્નતાપૂર્વક રહો. ધૈર્યપૂર્વક બીજાના ગુણો જુઓ. એવા એવા ઉમદા નિસ્વાર્થ વિચારોનું સેવન સ્વર્ગદ્વારને માટે ઇચ્છવાલાયક છે. જે બીજાની સાથે પ્રેમભાવ રાખે છે તેને જીવનમાં સુખ અને શાંતિ મળી રહેશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ક્ષમામૂર્તિ પ્રભુ મહાવીર

*લે. ભાનુમતિ દલાલ*

આ અવની ઉપર તીર્થંકર પરમાત્માઓ, અવતારી પુરુષો, સંતપુરુષો, ધર્માત્માઓ અને મહાન ઋષિમુનિઓ વિશ્વના કલ્યાણ માટે જન્મ્યા અને અનેકોનું ભલું કરી ગયા, અને એથીજ માનવહૃદયમાં તે મહાપુરુષોનું સ્થાન અમર રહ્યું છે. આ ધરતી ઉપર સત્તાધીશો, અધિકારીઓ કે સામ્રાજ્ય સ્થાપકો પણ આવ્યા ને ગયા. ભલે ઇતિહાસના પાને તેમનાં નામ લખાયાં પણ જનતાએ હૃદયને સિંહાસને તો પરમાત્માને, ત્યાગીઓને, સંતોને કે ધર્માત્માઓને જ બેસાડ્યા છે.

આ કાળના છેલ્લા તીર્થંકર કરૂણાસાગર પ્રેમ-પ્રતિમા શ્રમણ ભગવાન મહાવીરે લોકોના કલ્યાણ માટે જન્મ લીધો અને વિશ્વને શાંતિનો અને મુક્તિનો માર્ગ બતાવ્યો.

ચૈત્ર શુદિ તેરશનો દિન એ પ્રભુ મહાવીરનો જન્મદિવસ છે. તેથી એ દિવસ મહામંગલકારી લેખાય છે અને સરકારે પણ તેને જાહેર તહેવાર તરીકે માન્ય રાખ્યો છે. આ પવિત્ર દિવસની ઉજવણી જૈનોના તમામ ફિરકાઓ ઘણે સ્થળે સાથે મળીને કરે છે અને તે દિવસે પ્રભુના ગુણાનુવાદ, ભક્તિ વગેરે કરી સહુ કોઈ પ્રેમ અને ભક્તિભાવથી શ્રદ્ધાંજલી અર્પે છે.

ભગવાન મહાવીરે માનવજાતિના કલ્યાણ માટે સાડાબાર વર્ષ સુધી અખંડ સાધના કરી. એ સાધના દરમ્યાન દેવોએ, મનુષ્યોએ તેમજ હિંસક પશુ-પક્ષીઓએ આપેલી ભયંકર યાતનાઓ સમભાવે સહન કરી. સંગમદેવ, શૂલપાણી યક્ષ અને ગોશાલકના તીવ્ર ઉપસર્ગો-ઉપદ્રવો ખરેખર વાંચતા વાંચનારનાં રૂવાં ઊભા થઈ જાય છે એવા ભયંકર ઉપસર્ગો ક્ષમાના અવતાર સમા એ પ્રભુએ મનથી જરાપણ ગુસ્સો કર્યા વિના સહન કર્યા. પછી વચન અને શરીરથી સામનો કરવાની વાત જ ક્યાં રહી ? ચંડકૌશિકે ક્રોધથી પ્રભુને દંશ માર્યો પણ પ્રભુએ તેના પ્રતિ કરૂણા વરસાવી અને પ્રેમ ભરપૂર હૈયે ઉદ્ધારનો માર્ગ દેખાડ્યો. આવા કષ્ટો સહન કરવા માટે ભગવાને પોતાના મનોબળ અને શરીરને કેટલું કેળવ્યું હશે ?

આ બધા પ્રસંગોમાં પ્રભુ મેરુપર્વતની જેમ મન, વચન અને કાયાથી અચળ રહેતા. અરે ! પ્રભુની દયા અને કરુણા કેવી ટોચે પહોંચી હતી કે જે જે વ્યક્તિ તરફથી પ્રભુને યાતના કરવામાં આવતી તે વ્યક્તિ ઉપર ગુસ્સો કરવાને બદલે એ વ્યક્તિ માટે એમને ઉલટી દયા ઉભરાતી કે રખે મારા નિમિત્તે કોઈપણ જીવે તકલીફ ન થાય કે દુ:ખી થઈ અશુભ કર્મ ઉપાર્જન કરી દુર્ગતિનો અધિકારી ન બને ! એ દયાના કારણે કરુણાના અવતાર સમા પ્રભુની આંખમાં અશ્રુ આવી જતાં. આ એમની કેવી ઉચ્ચ પ્રકારની કરુણા અને સાચી ભાવદયા ?

આવી કઠોર સાધનાને પરિણામે અનંતાકાળથી લાગેલા ઘાતીકર્મનાં આવરણોને ભેદીને પ્રભુએ પોતાના આત્માને સંપૂર્ણ દર્શન-જ્ઞાન-ચારિત્રથી શુદ્ધ નિર્મળ અને પવિત્ર બનાવ્યો અને અખિલ વિશ્વના ત્રણેયકાળના સૂક્ષ્મ અને સ્થૂલ ભાવોને એકી સાથે જોઈ શકે એવું સંપૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ભગવાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વોત્તમ ચારિત્રવાન બન્યા.

પ્રભુએ આપબળે પુરુષાર્થ, તપશ્ચર્યા, ઉપસર્ગો અને કષ્ટો સહન કરી પોતાના આત્માને પરમાત્મા બનાવ્યો. આપણને પણ પ્રભુના સિદ્ધાંતો મળ્યા. એમનાં વચનામૃતો મળ્યાં છતાં શ્રદ્ધાના અભાવે કે સન્માર્ગે ચાલવાના પુરુષાર્થના અભાવે એમના બતાવેલા માર્ગે આગળ વધતા નથી. નહીંતર પ્રભુના આત્મા જેવો જ આપણે આત્મા છે આપણે પણ સંસારમાં આવી પડતાં કષ્ટો કે યાતનાઓ સમભાવે સહન કરીએ, એમના જેવી તપશ્ચર્યા કરી કર્મમળનો નાશ કરીએ, એમના જેવી સહુ જીવો પ્રત્યે કરુણા, દયા અને મૈત્રીભાવ રાખીએ અને એમના જેવા ગુણો મેળવવાનો પુરુષાર્થ કરીએ તો આપણે પણ એમના માર્ગે ચાલીને એમના જેવાં કોઈ જનમમાં પણ થઈ શકીએ. એ માટે જરૂર છે, સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રના ગુણો ખીલવવાની અને ક્ષમા, કરુણા, તપ, ધ્યાન અને અપ્રમાદ ભાવ વગેરે ગુણોનું આચરણ કરવાની.

વર્તમાન જીવનમાં માનવના હૃદયે ક્યાંયે શાંતિ નથી. આજની પરિસ્થિતિ ચારે બાજુથી અકળાએલી છે. માનવીઓના મનની દશા ચિત્ર-વિચિત્ર અને તંગ બનતી જાય છે. છતાં માનવીની તૃષ્ણા વધતી જાય છે. કોઈ પણ રીતે પરિગ્રહ વધારતા તે અટકતો નથી. એટલું જ નહિ પણ ખોટી રીતે લાખો મેળવી હજાર દાનમાં આપી અંદરના અહંને પોષે છે. અને સમાજમાં મોટો થઈને ફરવામાં ગૌરવ અનુભવે છે. પણ નીતિમત્તા અને સંસ્કારમાં તે પાછળ પડતો જાય છે. જીવનની સમતુલા જાળવવા પ્રભુ મહાવીરનું જીવન ચક્ષુ સમક્ષ રાખીશું તો અવશ્ય પ્રેરક બનશે.

જીવનને ઉર્ધ્વમાર્ગે લઈ જવું હોય તો પ્રભુએ જે શ્રદ્ધાથી, જે શાંતિથી અને જે સમતાથી સન્માર્ગ અપનાવ્યો અને પછી બોધ્યો તે સહુ કોઈ અપનાવે તો જરૂર તે આત્મકલ્યાણનો અધિકારી બનવા સાથે આત્માને મહાન બનાવી શકશે.

ભગવાન સહુને કહે છે કે "તમારા જીવનના વહેવારોને અહિંસામય બનાવો અને તમારી વાણીને અનેકાંતદૃષ્ટિવાળી એટલે કે યથાર્થ સત્યવાળી બનાવો તો પરસ્પર સંપ, સંગઠન વધશે અને મૈત્રી ભાવના વિકાસ પામશે અને તમે જીવન જીતી જશો."

*(સભાના મુખપત્ર 'શ્રી આત્માનંદ પ્રકાશ પુસ્તક નં. ૬૨ માંથી સાભાર)*

❀❀❀

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'આત્માનંદ પ્રકાશ'રૂપી
જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ.....

**બી સી એમ કોરપોરેશન**

(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)
નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધન્ય અક્ષયતૃતીયા

*રજૂકર્તા :– દિવ્યકાંત સલોત*

ઘણાં ઘણાં વર્ષોની વાત છે. તે વખતે ભરતક્ષેત્રમાં લોકો ઘણા સુખી ને સંતોષી હતા. જોઈતી વસ્તુઓ કલ્પવૃક્ષો આપતાં. સૌ આનંદમાં સમય પસાર કરતા હતા. નિર્દોષ-પવિત્ર જીવન જીવતા હતા. તે કાળના મનુષ્યો યુગલિયા કહેવાતા.

ધીમે ધીમે કાળનો પ્રભાવ બદલાયો. લોકોમાં મારાપણાની ભાવના જાગી. પરસ્પર ઝઘડાઓ થવા લાગ્યા. વિમલવાહન પ્રથમ કુલકર થયા. તેમણે યુગલિયાને કુળની મર્યાદામાં રાખ્યા. સાતમા કુલકર નાભિ કુલકરનાં પત્ની મરુદેવાની કૂખે ઋષભકુમારનો જન્મ થયો. તેમના જન્મ સમયે લોકોમાં આનંદ આનંદ છવાયો રહ્યો. ઋષભકુમાર પ્રથમ રાજા થયા અને આદિનાથ કહેવાયા. કલ્પવૃક્ષોનો અભાવ થવાથી ઋષભકુમારે લોકોને કુંભારની કળા શીખવી. અને પછી તો ધીમે ધીમે ઘર બાંધવાની, ચિત્રકારની, વણકરની વગેરે અનેક કળાઓ શીખવી; માતા-પિતા-પુત્ર-પુત્રી વગેરે વ્યવહાર શીખવ્યો.

એવામાં વસંતઋતુ આવી પહોંચી. વનસ્પતિઓ નવનવા પુષ્પો અને ફળોથી લચી રહી હતી. ઉદ્યાનો મઘમઘી રહ્યાં હતાં. ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હતા. આમ્રતરુ ઉપર બેઠેલી કોયલો મીઠા મધુર ટહુકાઓ કરી રહી હતી. પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં. એ પ્રમાણે ઋતુરાજ વસંતનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું હતું. મધુર મધુર પવનથી હવામાં તાજગી આવી રહી હતી. જ્યાં જુઓ ત્યાં આંખને આનંદ આપતાં મનોહર દ્રશ્યો નજરે પડતાં હતાં. શ્રી ઋષભકુમાર વસંતોત્સવ ઊજવવા પરિવાર સાથે ઉદ્યાનમાં પધાર્યા.

વસંતઋતુનાં વિધવિધ મનોહર દ્રશ્યો, બાળકોના કિલ-કિલાટ, સુંદરીઓનાં હાસ્ય વિનોદો ને નૃત્યો, યુવાનોની નિરંકુશ મસ્તી અને આનંદમય ઉત્તેજક વાતાવરણે ઋષભકુમારને વિચાર કરતા કરી મૂક્યા.

આ અને આવી ક્રીડાઓ મેં બીજે કોઈ સ્થાને જોઈ છે. ક્યાં જોઈ હશે એમ વિચાર કરતાં પૂર્વભવનાં દેવોનાં સુખ-વૈભવો અવધિજ્ઞાનથી જાણ્યા અને મોહનાં બંધનો તૂટી ગયાં.

લોકોને વ્યવહારવિષયક વિદ્યાઓ શીખવી દીધી છે. યુવરાજ ભરતને બહોંતેર કળાઓ ને બ્રાહ્મીને અઢાર લિપીઓ બતાવી છે. સુંદરીને ગણિતવિષયક જ્ઞાન આપ્યું છે. સ્ત્રીઓને ચોસઠ કળાઓ શીખવી છે. લોકો વ્યવહારમાં કુશળ થયા છે. ખેડૂતો ખેતી કરી નિર્વાણ કરે છે. ગોપાલકો જાનવરો પ્રત્યે સદ્‌ભાવ રાખે છે. એકબીજાનું રક્ષણ કરવાની ભાવના જાગી છે.માતાઓ પુત્ર-પુત્રીનું પાલન કરે, પિતાઓ પિતૃધર્મ પાળે, પતિ-પત્ની એકબીજાને માટે પ્રાણ આપે, સંસાર મંગળમય બનાવે અને જગતનો દિનપ્રતિદિન વિકાસ થાય તે માટે બધું વ્યવસ્થિત થયું છે.

ઋષભકુમારની વિચાર-ધારાઓ આગળ વધી. આત્માના હિતની ભાવના જાગી ઊઠી. સંસારની અસારતા સમજાણી. વિષયવાસના અને રાગદ્વેષના ત્યાગનો વિચાર ઉદ્‌ભવ્યો. ભવરૂપી કેદખાનામાંથી મોક્ષની ચિરંતર શાશ્વત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખની અભિલાષા જાગી ઉઠી. જ્ઞાનરૂપી આત્મપ્રકાશને મેળવવા અધીરાઈ વધી ગઈ અને મોહમાયાનાં પડલ ખૂલી ગયાં. વૈરાગ્યભાવના ભાવતાં ભાવતાં આત્મામાં અજવાળાં પ્રગટયાં અને લોકાંતિક દેવોની પ્રાર્થના સાંભળતાં હોય તેમ બોલી ઉઠ્યાં : 'ભવ્ય જીવોને મોક્ષમાર્ગનું દર્શન કરાવવા ને ધર્મતીર્થ પ્રવર્તાવવા આવું છું, આવું છું !'

પુત્ર ભરતને રાજ્યથી ધુરા સોંપીને બાહુબલિકુમારને તક્ષશિલાનું તેમજ બીજા પુત્રોને જુદા જુદા દેશો આપીને સાંવત્સરિક દાન આપી ચૈત્ર માસની વદ આઠમ—ગુજરાતી ફાગણ વદ આઠમના દિવસે ચાર મુષ્ઠિલોચ કરી, છઠ્ઠના તપસ્વી પ્રભુ સર્વ સાવદ્ય વ્યાપારોનો ત્યાગ કરી જગતમાં ધર્મનું સામ્રાજ્ય સ્થાપવા અને શાશ્વત સુખનો માર્ગ બતાવવા ચાલી નીકળ્યા.

હજારો સ્ત્રી-પુરુષો, બાલકો, વૃદ્ધો, રાજપુરુષો, કુટુમ્બીજનો અને માનવમેદની પ્રભુને જોઈને અભિનંદે છે. વંદના કરે છે. કોઈ કોઈની આંખમાં અશ્રુઓ આવી રહ્યાં છે. હવે આપણું શું થશે ? આપણી કોણ રક્ષા કરશે ? વિગેરે વિચરતાં પ્રભુની પાછળ પાછળ જાય છે. પણ પ્રભુને તો ત્યાગ અને વૈરાગ્યનો એવો તો રંગ લાગ્યો છે કે તેઓ પોતાના ધ્યાનમાં ચાલ્યા જ જાય છે. બસ ચાલ્યા જ જાય છે.

આ વખતે પ્રભુને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. ત્રણ જ્ઞાન જાણ તો હતા. પ્રભુએ દીક્ષા લીધી ત્યારે પ્રભુના વિરહ સહન ન કરી શકવાથી કચ્છ-મહાકચ્છ અને પ્રસેનજિત વગેરે ચાર હજાર પુરુષોએ પ્રભુ સાથે દીક્ષા લીધી.

ક્ષુધાને તો પોતે જીતી ગયા છે. તેમ પ્રભુ આહાર લેતા નથી.

તરસને પણ પ્રભુ ભૂલી ગયા છે. તાપટાઢને સહન કરવામાં પ્રભુ પાછું વાળી જોતા નથી. નિદ્રાનો પ્રભુએ ત્યાગ કર્યો છે. પ્રભુ તો એક જગ્યાએ રહેતા નથી. ધ્યાનમાં લીન રહે છે. આત્મચિંતન અને આત્મશાંતિ માટે પ્રયત્નશીલ છે.

પ્રભુએ મૌન ધારણ કર્યું છે અને નમિ-વિનમિ પ્રભુની સેવાભક્તિ કરે છે તો પણ પ્રભુ તો શાંત ચિત્તે આત્મધ્યાનમાં લીન છે.

ક્ષુધા અને પિપાસાના પરિસહને સહન કરતા પ્રભુ ગામે ગામ, જંગલે જંગલ વિચરે છે. કોઈ સ્થળે નિરવદ્ય નિર્દોષ આહાર મળતો નથી. પ્રભુને શું આપવું તે ભોળા લોકો જાણતા નથી. પ્રભુ તો ધૈર્યના સાગર છે. પોતાના ધ્યેયમાં મક્કમ છે, જગતની કોઈ વસ્તુ પ્રભુને ધ્યેયથી ચળાવી શકે તેમ નથી. મેરુ ચળે પણ પ્રભુનો નિશ્ચય ચળે તેમ નથી જ નથી. એક દિવસ ગ્રામાનુગામ વિહાર કરતાં પ્રભુ હસ્તીનાપુર નગરી આવી પહોંચ્યા. નગરીનાં ભાગ્ય જાગી ઊઠ્યાં. ભગવાનને જોઈને નગરજનો દોડી આવ્યા. બાળકને ધવરાવતી માતા દોડી આવી, કામ કરતા લોકો દર્શન માટે ટોળે મળ્યા. વેપારીઓના વેપાર પડ્યા રહ્યા. ખેડૂતોએ ખેતર સૂના મૂક્યાં. ગાયોને ચારતા ગોવાળો દોડી આવ્યા. રમતાં બાળકો આનંદથી નાચી ઊઠ્યાં. પ્રભુ પધાર્યા. ચાલો દર્શને ચાલો, કરતી માનવમેદની ઊમટી પડી. પ્રભુનાં મહામૂલા દર્શનનો લાભ કોણ જતો કરે ?

પણ પ્રભુને ઉઘાડે મસ્તકે, અડવાણે પગે, કશાં રાજચિહ્નો વિના એક ધ્યાને, એક દૃષ્ટિએ ચાલ્યા જતા જોઈ નગરજનોનાં હૈયાં હચમચી ગયાં. નયનોમાંથી અશ્રુધારાઓ ચાલી નીકળી. પૃથ્વીપતિને શી ખોટ હતી ? શા માટે પ્રભુ આવાં દુઃખો સહન કરતાં હશે ? પ્રભુને શું જોઈતું હશે ? અમે પ્રભુને શું આપીએ જેથી પ્રભુ શાંતિ પામે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નગરજનો પ્રભુને પગે વિનવવા લાગ્યા :—

પ્રભુ ! પધારો ! અમારાં આંગણાં પાવન કરો ! આપના આ કૃશદેહને જોઈને અમને દુઃખ થાય છે. અન્ન-જળ લઈ આરામ કરો.

અશ્રુભીની આંખે કોઈ કહે છે : પ્રભુ, સ્નાન કરવા જળ, પહેરવા વસ્ત્રો અને શયન માટે શય્યા તૈયાર છે, પધારો ! પધારો !

કોઈ તો કહે છે : અમારાં ભાગ્ય જાગ્યાં ! આપ પધાર્યા ! મારે ત્યાં પધારો ! મારી રૂપરૂપનાં રાશિ સમાન કન્યારત્નને ગ્રહણ કરો.

કોઈ તો હાથી, કોઈ અશ્વ, કોઈ રથ અને કોઈ પાલખીને માટે પ્રાર્થના કરે છે.

પ્રભુ તો જાણે કશું સાંભળતાં જ ન હોય તેમ એક ધ્યાને મૌન-શાંતિચિત્તે રાજમાર્ગ પર ચાલ્યા જ જાય છે, અરે, તે શું સમજવું ? પ્રભુ કેમ કશું બોલતા નથી ? અર્ધમિચેલાં નયને પ્રભુને ચાલ્યા જતા જોઈ નગરજનો નિરાશ વદને ઊભા ઊભા સજળ નયને વિચારે છે : નાથને શું જોઈતું હશે કેમ જાણી શકાય પ્રભુની ભાવના ? અરે, સર્વસ્વ સમર્પણ કરતાં પણ પ્રભુની વાંછના પૂરી શકાય તો કેવું સારૂં !

નગરજનોનો આ કોલાહલ રાજમહેલમાં પહોંચ્યો. મહારાજા ભરતના પૌત્ર અને રાજા સોમપ્રભના પાટવીકુમાર, શ્રેયાંસકુમાર રાજસભામાંથી બહાર આવ્યા. તપાસ કરતાં જાણ્યું કે ત્રણ જગતના પૂજ્ય એવા પોતાના જ પ્રપિતામહ પૃથ્વીનાથ શ્રી ઋષભદેવ ગામેગામ વિચરતા અત્રે પધાર્યા છે. ભગવાનનું નામ સાંભળી ભરી સભાને છોડી ચાલી નીકળ્યાં, ભગવાનનાં દર્શને. ન લીધુ છત્ર, ન પહેર્યા ઉપાહન, ઉઘાડે માથે ને અડવાણે પગે ઉત્સુકતા અને આનંદની ભાવના ભાવતા રાજમહેલના વિશાળ ચોકમાં આવ્યા. ત્યાં તો ત્રણ જગતના નાથ અને નગરજનો ત્યાં જ આવી પહોંચ્યાં. શ્રેયાંસકુમાર તો પ્રભુના શરણમાં નમી પડ્યા. હર્ષાશ્રુથી પ્રભુના ચરણ પખાલ્યા પુનઃ પુનઃ નમસ્કાર કર્યા. પૂર્ણચન્દ્રના તેજસ્વી શીતળ પ્રભાયુક્ત શાંત અને ધ્યાનમગ્ન પ્રભુમુખનું દર્શન કરી પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા.

પ્રભુના મુખચંદ્રનું દર્શન કરતાં શ્રેયાંસકુમારનું હૃદય કમળ ખીલી ઊઠ્યું. એ હૃદયમાં પ્રકાશ પથરાયો. જન્મ જન્માન્તરમાં સ્મરણો જાગી ઊઠ્યાં.

ઓહો ! આ તો પ્રભુ-હું તેમનો પૂર્વનો સારથી ! આજે તમે અમારા પ્રપિતામહ, એ જ તીર્થંકર-અરિહંત ત્રણ જગતના નાથ !

શ્રેયાંસકુમારનો આત્મા આનંદથી નાચી ઊઠ્યો. આત્મામાં લાખ લાખ દીવડા પ્રગટ્યા અને પ્રભુને જોઈને વિચાર આવ્યો : અહા ! પ્રભુએ તો વર્ષ દિવસથી પારણું નથી કર્યું. મારાં ધન્ય ભાગ્ય, ધન્ય જીવન, ધન્ય ઘડી કે પ્રભુ મારે આંગણિયે પારણું કરશે !

બરાબર એ જ સમયે ખેતરોના કોલૂમાં તૈયાર થયેલા ઇક્ષુરસના ઘડાઓ આવી પહોંચ્યાં, શ્રેયાંસકુમારે જાણ્યું, કે બેંતાલીસ દોષથી મુક્ત આ નિર્દોષ શેરડીનો રસ પ્રભુના પારણા માટે યોગ્ય છે.

દેવાધિદેવ ! પ્રભો ! જગત્‌વત્સલ ! કરૂણાનિધિ ! દીર્ઘ તપસ્વી ભગવાન્ ! આ રસ સ્વીકારો !

પ્રભુએ કરપાત્ર લંબાવ્યું. શ્રેયાંસકુમાર આનંદને ઉલ્લાસથી શેરડીના રસના ઘડા ઠાલવવા લાગ્યાં. શ્રેયાંસકુમારના હર્ષનો પાર નથી. હસ્તીનાપુરના પૌરજનોનાં હૈયાં આનંદસરોવરમાં ઝુલવા લાગ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષાન્તે ૩૬૦ દિવસે પ્રભુએ ઈક્ષુરસનું પારણું કર્યું.

નગરજનોનો જયજયકારનો નાદ ગુંજી ઊઠ્યો. પંચ દિવ્ય પ્રગટ્યાં, વાતાવરણ દુંદુભીનાદથી ગાજી ઉઠ્યું. આનંદ-મંગળના નાદો ગાજી ઊઠ્યા. વૈશાખ શુકલા અક્ષયતૃતિયાનો એ દહાડો ઈક્ષુરસના દાનથી અમર થઈ ગયો. ત્રિલોકના નાથનો અભિગ્રહ પૂર્ણ થયો.

ઘેર ઘેર ઉત્સવ મંડાયો. શેરીએ શેરીએ આનંદ આનંદ છાઈ રહ્યો. આબાલવૃદ્ધ બધાના હર્ષનો પાર નથી.

પ્રભુએ પારણું કરી શ્રેયાંસકુમારને તારી દીધા, દેવોને પણ દુર્લભ દાન શ્રેયાંસકુમારે પ્રભુને દીધું. દેવોને પણ દોહ્યલું મુક્તિદાન પ્રભુએ શ્રેયાંસને આપ્યું.

હજારો ને લાખો વર્ષો પછી આજે પણ એ તપશ્ચર્યાને અને એ ધન્ય દિવસનો મહિમા જૈન સંઘને મન મહાન, પવિત્ર અને ઉજ્જવળ છે.

એ પવિત્રતા અને ઉજ્જવળતાની જ્વલંત જ્યોત ચિરંતન પ્રકાશિત રાખવા માટે અનેક જૈન પૂજ્ય સાધુ-મુનિરાજો અને પૂજ્ય સાધ્વીજી મહારાજો અને હજારો જૈન ભાઈ બહેનોએ ઉગ્ર અને દીર્ઘ તપસ્યાનો ચીલો ચાલુ રાખ્યો છે.

જૈન સંસ્કૃતિની તપ, ત્યાગ અને સંયમની જ્યોતને સદાય ઝળહળતી રાખનાર સૌ કોઈ તપસ્વી આત્માઓને અમારાં અનેકશઃ વંદન હો !

ધન્ય એ તપશ્ચર્યા ! ધન્ય એ ઈક્ષુરસ ! ધન્ય એ શ્રેયાંસકુમાર ! ધન્ય એ અક્ષયતૃતીયા ! ધન્ય તપસ્વીઓ !




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનુષ્ય સ્વર્ગ પણ રચી શકે છે

શરીર મગજને અનુસરે છે. તે જાણીબૂજીને આજ્ઞાપાલન કરતું હોય કે સ્વભાવથી કરતું હોય પણ મગજની બધી ક્રિયાઓનું આજ્ઞાપાલન કરે છે. જ્યારે દૂષિત વિચારોનો પ્રવેશ થયો કે શરીરના પતનનો આરંભ થઈ ચૂક્યો છે, એમ જાણો. એવી વ્યક્તિ જલદી રોગગ્રસ્ત બને છે. એનાથી ઊલટું જ્યાં મનુષ્યના વિચારો સુંદર અને શુદ્ધ થાય કે તુરત જ શરીરમાં યૌવન અને રૂપ ઝળકી ઊઠે છે. જેમ વિચારો પરિસ્થિતિઓ ઊભી કરે છે તેમ વિચારો રોગ અગર સ્વાસ્થ્ય પેદા કરે છે. એટલે કે રોગ અને સ્વાસ્થ્યની જડ આપણા વિચારોમાં છે. અશુદ્ધ વિચારની સાથે જ શરીર અસ્વસ્થ થવાનું. વિચારોમાં વિકાર એ જ મનુષ્ય રોગી છે તેવું પ્રદર્શિત કરે છે. એવું જોવામાં આવ્યું છે કે જેવી રીતે ગોળી વાગવાથી મૃત્યુ થાય છે તેવી રીતે ભયજનિત વિચારોથી પણ મૃત્યુ થાય છે. ઘણા મનુષ્યો એ પ્રકારે મરતા રહ્યા છે. પણ ગોળી વાગવાથી જેમ તુરત મૃત્યુ શરણ થાય છે તેવી રીતે નહિ. જે લોકો 'અરે બીમાર પડી જઈશું' એવા ભયથી ડરતા રહે છે તેવા લોકો જલદી બીમાર પડે છે. ચિંતાથી શરીરનું અધઃપતન થાય છે અને એવા લોકોની એવી દશા થઈ જાય છે કે, તે રોગોને એકદમ ગ્રહણ કરી લે છે. જો મનમાં અપવિત્ર વિચાર આવે તેનો ધિક્કાર કરવામાં ન આવતાં તેને ઉત્તેજન આપવામાં આવે તો શરીરના સ્નાયુઓનો સર્વનાશ થઈ જવાનો એ નિર્વિવાદ છે.

સુંદર અને શુદ્ધ વિચાર મનુષ્યના શરીરમાં બળ અને શીલ પેદા કરે છે. આ શરીર એકદમ મુલાયમ અને લોચા જેવું છે. તેના પર વિચારોનો જેવો પ્રભાવ પડશે તેવું તે બની જશે. જ્યાં સુધી મનુષ્ય ગંદા વિચારોને મનમાં સ્થાન આપશે ત્યાં સુધી તેના શરીરનું રક્ત વિષમય બની રહેવાનું અને અશુદ્ધ રહેવાનું. અશુદ્ધ હૃદયથી શુદ્ધ જીવન પણ અશુદ્ધ-અપવિત્ર બની જાય છે. સાથે સાથે શરીર પણ પાપી બને છે. મન તો ફૂવારા રૂપ છે, જેનાથી કર્મ અને જીવન પ્રગટ થાય છે. જો એ મનરૂપી ફૂવારો શુદ્ધ-પવિત્ર હોય તો બધું પવિત્ર જ છે.

જ્યાં સુધી વિચારોમાં પરિવર્તન થશે નહિ ત્યાં સુધી કેવળ ભોજનમાં પરિવર્તન કરવાથી ચાલશે નહિ. જ્યારે મનુષ્યોનો વિચાર પવિત્ર હોય તો તેને પવિત્ર ભોજનની ઇચ્છા રહેશે. અને તેને કોઈ પણ રોગ થશે નહિ.

શુદ્ધ વિચારોથી આદત પણ શુદ્ધ બને છે. જે સાધુ પુરુષ શરીરની સ્વચ્છતા જાળવતો નથી તે અસલમાં સાધુ નથી. જેણે પોતાના વિચારોને દઢ અને પવિત્ર કરી લીધા છે, તેને બીમારી ફેલાવવાળા કીડાઓનો ડર નથી. જો તમે શરીરની રક્ષા કરવા માગતા હો તો મગજની હોશિયારી રાખો, અને સાવધાન બનાવી રાખો. જો તમે નવું શરીર ઇચ્છતા હો તો તમારા વિચારો સુંદર બનાવો. વિચારોમાં ઈર્ષ્યા, દ્વેષ, નિરાશા, ઉત્સાહભંગ વગેરે ભાવો એ શરીરને અવસ્વસ્થ, નીરસ અને નકામું બનાવી દે છે. હૃદયમાં અને મુખાકૃતિમાં કઠોરતા એ કુવિચારોને આભારી છે. મુખાકૃતિ પર ઉપસી આવેલી કરચલીઓ તે મૂઢતા, વિષયવાસના અને દંભને આભારી છે.

૯૬ વર્ષના એક બહેન હતા. જેની મુખાકૃતિ એક નાની ઉંમરની છોકરી જેવી ચમકતી અને ભલીભોળી હતી અને એક ભાઈ હતા જેની જુવાનીમાં મુખાકૃતિ પર કરચલીઓ પડી ગઈ હતી. આ પ્રમાણેનો તફાવત તુરત પારખી શકાય છે. પેલી બહેન હસમુખ અને પ્રસન્ન રહેતી હતી, જ્યારે બીજો પુરુષ વિષયાસક્ત અને વાસનાઓથી ભરપૂર રહેતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં સુધી રહેવાના મકાનમાં તડકો અને હવા સારી રીતે ન આવી શકે ત્યાં સુધી તે સુંદર અને સ્વચ્છ રહી શકે નહિ. એવી આપણા મગજને તાજગી બક્ષે તેવા આનંદદાયક, ગંભીર અને હિતકારક ભાવ સ્વતંત્રતાપૂર્વક ન આવવા દઈએ તો આપણું શરીર પુષ્ટ, સુંદર અને ગંભીર બની શકશે નહિ.

વૃદ્ધ પુરુષોના ચહેરા પર જે કરચલીઓ પડી જાય છે તે દયાભાવ, દઢ અને પવિત્ર વિચારોથી પણ પડે છે. અને વિષયવિકારોથી પણ પડે છે એ કોણ નથી જાણી શકતા ? જે જીવનભર સચ્ચરિત રહે છે તેનો ચહેરો ડૂબતા સૂર્યની જેમ ગંભીર અને શાંત દેખાય છે. એક દાર્શનિક મહાપુરુષનું મૃત્યુ થયેલું. મૃત્યુશય્ય તરફ જોવાથી જ ખબર પડી જાય છે કે, તે વૃદ્ધ નથી. પણ તેનું આયુષ્ય અધિક હશે. જેવી રીતે શાંતિમય એનું જીવન રહ્યું એ પ્રકારે તેનું મૃત્યુ શાંતિમય થયું.

શરીરને નિરોગી રાખવાને માટે પ્રસન્નચિત્ત રહેવું એ ઉમદા ઉપાય છે. દુઃખ અને ચિંતાને દૂર કરવાને માટે દયાભાવથી અધિક બીજી કોઈ શક્તિ નથી. જે હંમેશાં જ દ્વેષ, ઈર્ષા, સંદેહ અને મૂઢતાના વિચારો કરતાં રહેશે, તેનાથી જ ઘેરાયેલા રહેશે તે મનુષ્ય પોતાના માટે જ પોતાનું કારાગાર બનાવી રહ્યો છે, એમ કહેવાશે. માટે હંમેશા બીજાનું ભલું ઇચ્છો. બધાની સાથે પ્રસન્નતાપૂર્વક રહો. ધૈર્યપૂર્વક બીજાના ગુણો જુઓ. એવા એવા ઉમદા નિસ્વાર્થ વિચારોનું સેવન સ્વર્ગદ્વારને માટે ઇચ્છવા દાયક છે. જે બીજાની સાથે પ્રેમભાવ રાખે છે તેને જીવનમાં સુખ અને શાંતિ મળી રહેશે.

*રજૂઆત : મુકેશ એ. સરવૈયા*
*(જિંદગી જીતો પુસ્તકમાંથી સાભાર.)*

❀ ❀ ❀


## શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર-૩૬૪૦૦૧ ફોન : ૨૪૨૯૦૭૦, ૨૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ડોન, કૃષ્ણનગર, વડવા, પાનવાડી, રૂપાણી, સરદારનગર, ભાવનગરપરા, રામમંત્રમંદિર, ઘોઘારોડ, શિશુવિહાર.

**તા. ૧-૧-૨૦૦૪ થી અમલમાં આવતા ધિરાણનાં ઘટાડેલાં વ્યાજનાં દરો**

| ધિરાણ મર્યાદા | વ્યાજનો દર | ધિરાણ મર્યાદા | વ્યાજનો દર |
|---|---|---|---|
| રૂા. ૫૦૦૦૦/- સુધીનું ધિરાણ | ૧૧.૦ ટકા | હાઉસીંગ લોન રૂા. ૮ લાખ સુધી | ૭૨ હપ્તા ૧૦ ટકા |
| રૂા. ૫૦૦૦૦/- થી રૂ. ૨ લાખ સુધી | ૧૨.૦ ટકા | | ૭૨ હપ્તાથી વધુ ૧૧ ટકા |
| રૂા. ૨૦૦૦૦૧/- થી રૂ. ૫ લાખ સુધી | ૧૩.૦ ટકા | સોના લોન રૂા. ૧ લાખ સુધી | ૧૨.૦ ટકા |
| રૂા. ૫૦૦૦૦૧/- થી રૂ. ૨૦ લાખ સુધી | ૧૪.૦ ટકા | મકાન રીપેરીંગ રૂા. ૭૫૦૦૦/- સુધી | ૧૧.૦ ટકા |
| | | NSC/KVP રૂા. ૧ લાખ સુધી | ૧૧.૦ ટકા |

❀ તા. ૧-૧-૨૦૦૪ થી ઘટાડેલા વ્યાજનાં દરો નવા ધિરાણમાં તેમજ રીન્યુઅલ ધિરાણને લાગુ પડશે.
❀ રેગ્યુલર હપ્તો ભરનારને ભરેલ વ્યાજનાં ૬ ટકા વ્યાજ રીબેટ આપવામાં આવે છે.
❀ બેન્કની વડવા - પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાનાં ધોરણે પસંદગીનાં લોકર ભાડે આપવામાં આવે છે.

**વધુ વિગત માટે હેડઓફિસ તથા શાખાનો સંપર્ક સાધવો.**

**મનહરભાઈ એચ. વ્યાસ** — જનરલ મેનેજર
**વેણીલાલ એમ. પારેખ** — મેનેજિંગ ડિરેક્ટર
**નિરંજનભાઈ ડી. દવે** — ચેરમેન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એક અણમોલ અનુપમ અને અદ્‌ભુત ગ્રંથમણિ 'બત્રીશ બત્રીશી'ની રોમહર્ષક વિષદ વિવેચના

**જૈનોના ૪૫ આગમો, ૧૮૦ ઉપનિષદો, ૨૨ ગીતાઓ, ૨૭ પુરાણો, ૩૦ સ્મૃતિઓ, ૧૪ સંહિતાઓ, ૧૬ નિઘંટુ ગ્રંથો વગેરે ૧૦૫૦ આધ્યાત્મ ગ્રંથોના સંદર્ભ અને અવતરણો.**

જિનશાસનના ગગનને પોતાના જ્ઞાનલોકથી પ્રકાશિત અને પ્રભાવિત કરનાર અસંખ્ય ધર્મપુરુષો થઈ ગયાં. તેમાં ય અંતિમ પ્રભુ મહાવીરદેવના શાસનને અતિઉત્તમ રીતે અજવાળનારા ધર્મપુરુષોની શ્રેણિમાં અગ્રસ્થાને વિરાજમાન ૩૫૦ પૂર્વે થયેલા પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ જૈન ઇતિહાસના પૃષ્ઠો ઉપર સુવર્ણાક્ષરે સમલંકૃત બન્યા છે.

જૈન ઇતિહાસમાં 'લઘુ-હરિભદ્ર' તરીકે સુપ્રસિદ્ધ, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મ. ખરેખર પ્રકાંડ વિદ્વાન અને સમર્થ સાહિત્યસર્જક હતા. તેઓશ્રી ગંગાનદીના તીરે સાક્ષાત્ માતા શારદાની કૃપાનું વરદાન પામ્યા હતા.

તેમની અનેક કૃતિઓમાં 'દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશકા' એક અણમોલ, અનુપમ અને અદ્‌ભુત ધર્મગ્રન્થ છે. ૩૨-૩૨ શ્લોકોમાં એક-એક વિષયની ચર્ચા કરતો ૩૨-પ્રકરણમય ગ્રન્થ એટલે જ 'દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા !' જેને ગુજરાતી ભાષામાં 'બત્રીસ-બત્રીસી' તરીકે ઓળખાવાય છે.

આ મૂળ ગ્રન્થ (=૩૨-૩૨ શ્લોક સ્વરૂપ) ઉપર પૂ. ઉપાધ્યાયજી મહારાજે જ ''તત્વાર્થ-દિપીકા'' નામક ટીકા રચી છે.

આ 'બત્રીસ-બત્રીસી' ગ્રન્થ ઉપર વર્તમાનકાલીન વિદ્વદ્વિભૂષણ પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજે 'નયનલતા' નામક સંસ્કૃત ટીકા (૫૦ હજાર શ્લોક પ્રમાણે) અને તેના ઉપર દ્વાત્રિંશંકા પ્રકાશ નામક ગુજરાતી વિવેચના અથાગ પરિશ્રમ બાદ તૈયાર કરી છે.

૫૦ હજાર શ્લોક પ્રમાણ અભિનવ 'નયનલતા' સંસ્કૃતવિવરણમાં નૃસિંહની ગર્જના છે. આત્મોન્નતિનો ઘુઘવતો મહાસાગર છે, તો આકાશને આંબી જતા હૃદયોર્મિના ઉછરંગો છે. ખળખળ વહેતાં, અધ્યાત્મનું સુમધુર સંગીત રેલાવતાં ઝરણાં છે. અનેક સ્થળે ભાવનાનો ધસમસતો પ્રવાહ છે. તો બીજી બાજુ સર્વ ધર્મો પ્રત્યે ઔદાર્યભાવ છે. ખંડનના કુઠારાઘાત નહિ પણ મંડન-સમન્વય-સમવતારનો હળવો-કોમળ સ્પર્શ છે. પૂ. ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ આ ''દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા'' નામના અદ્‌ભુત ગ્રન્થમાં ૩૨-૩૨ શ્લોકોની બત્રીસ બત્રીસીઓ સંસ્કૃત-ભાષામાં રચેલી છે. જુદા જુદા બત્રીસ વિષયોનો સાંગોપાંગ અને સૂક્ષ્મ બોધ કરાવી આપનારો આ મહાન ગ્રન્થ છે. અન્ય શબ્દોમાં કહીએ તો... ''યોગ, આગમ અને ન્યાય એ ત્રણેયનો આ શિરમોર સમો ગ્રંથ છે.'' આવો...આપણે બત્રીસે બત્રીસીઓના અતિસંક્ષિપ્ત સારને અવગાહીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(૧) દાન-બત્રીસી :** યોગ્યકાળે અલ્પદાન પણ ઉપકારી છે... જેમ કે વરસાદમાં અલ્પ દાણાની વાવણીથી પણ અનાજની વૃદ્ધિ થાય છે.

ભગવાને દીક્ષા વખતે એક વર્ષ સુધી દાન આપ્યું. તેથી સામાન્ય લોકોએ પણ ધર્મના અવસરે દાન કરવું જોઈએ.

**(૨) દેશના-બત્રીસી :** દેશના = ધર્મોપદેશ કોને, ક્યારે કેવી રીતે અપાય ? તે બાબતન તથા પાત્ર-અપાત્રનો ઊંડાણપૂર્વક વિચાર આ ''દેશના બત્રીસી''માં સુંદર રીતે રજૂ કરવામાં આવેલ છે.

**(૩) માર્ગ-બત્રીસી :** માર્ગ એટલે રસ્તો. મોક્ષનો માર્ગ બે પ્રકારે છે. (૧) ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવનું વચન અને (૨) નિર્દંભ સંવિગ્ન ગીતાર્થોનું આચરણ. આ અંગેની તલસ્પર્શી વિચારણા એટલે માર્ગ-બત્રીસી.

**(૪) જિનમહત્વ-બત્રીસી :** યથાર્થ માર્ગદર્શક હોવાથી અરિહંત પરમાત્મા મહાન છે.

વસ્ત્રમાં રહેલો નાગમણિ પ્રભા દ્વારા પ્રગટ થાય છે તેમ આંતરિક અસાધારણ ગુણોના કારણે બાહ્ય વિશિષ્ટ રૂપનો અભ્યુદય પરમાત્મામાં થાય છે.

**(૫) ભક્તિ-બત્રીસી :** ટૂંકસાર: 'વીતરાગ તીર્થંકર મહાન છે' માટે જ તેમની સર્વોત્કૃષ્ટ ભક્તિની પ્રેરણાત્મક વાત પૂ. ઉપાધ્યાયજી મ. આ બત્રીસીમાં વર્ણવે છે.

**(૬) સાધુસામગ્ર્ય-બત્રીસી :**

સાધુજીવનની સંપૂર્ણ સફળતા શેમાં ? તેનું વિસ્તૃત પ્રતિપાદન આ બત્રીસીમાં આવે છે.

**(૭) ધર્મવ્યવસ્થા-બત્રીસી :** સાતમી બત્રીસીમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે ભક્ષ્ય-અભક્ષ્ય વગેરેની વ્યવસ્થા દર્શાવી છે.

તદુપરાંત મદ્યપાન, માંસભક્ષણ અને મૈથુનસેવન વગેરે કઈ રીતે દોષાધાયક છે ? તેનું સચોટ નિરૂપણ કરવામાં આવ્યું છે.

**(૮) વાદ-બત્રીસી :** આઠમી બત્રીસીમાં પૂ. ઉપાધ્યાયજી મ.વાદ અંગેની વિચારણા રજૂ કરતાં વાદના પ્રકાર, અધિકારી, ફલ, વિષય વગેરે દર્શાવે છે. શુષ્કવાદ, વિવાદ અને ધર્મવાદ-એમ ત્રણ પ્રકારનો વાદ છે.

**(૯) કથા-બત્રીસી :** નવમી બત્રીસીમાં ગ્રંથસાર-શ્રીએ કથા, કથાના પ્રકાર, કથાના લક્ષણ, કથા કહેવાનું ફળ, ધર્મકથાના અધિકારી, ધર્મકથા કરનારની સાવધાની ઇત્યાદિ બાબતોને મુખ્ય પ્રમેયરૂપ વણી લીધેલ છે.

**(૧૦) યોગ-લક્ષણ બત્રીસી :** ૧૦મી બત્રીસીમાં યોગ, યોગનું લક્ષણ, યોગના પ્રકાર, યોગના કાળ, યોગના અધિકારી, અનાધિકારીના લક્ષણ, યોગના મુખ્ય ઘટકો, નિશ્ચય-વ્યવહારથી યોગનું સ્વરૂપ, યોગનું ફળ વગેરે બાબતોને મુખ્યતયા વણી લીધેલી છે. મોક્ષની સાથે સંબંધ કરાવે એવી પ્રવૃત્તિને યોગ કહેવાય.

**(૧૧) પાતંજલયોગલક્ષણ-બત્રીસી :** ૧૧મી બત્રીસીમાં પાતંજલ યોગદર્શનમાન્ય યોગલક્ષણની વિચારણા કરેલ છે.

**(૧૨) પૂર્વસેવા-બત્રીસી :** પૂર્વસેવા એટલે સાધનાનો પ્રાથમિક ઉપાય. પાંચ પ્રકારની પૂર્વસેવા છે. ગુરૂપૂજન, દેવાદિપૂજન, સદાચાર, તપ અને મુક્તિઅદ્વેષ.

માતા-પિતા-કલાચાર્ય-સ્વજનો-જ્ઞાનવૃદ્ધ-વયોવૃદ્ધ વગેરે સજ્જનોને ત્રણ સંધ્યા સમયે નમન કરવું. તેમની નિંદા ન સાંભળવી તે ગુરૂપૂજન કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(૧૩) મુક્તિ-અદ્વેષ બત્રીસી :** ગ્રંથકાર કહે છે કે ભોગતૃષ્ણાનો અંતરમાં સળગતો દાવાનળ મોક્ષસાધનાને સળગાવી નાખે છે. માટે મોક્ષસાધનાને ટકાવવામાં, સફળ કરવામાં ભોગત-ષણાનો વિરોધી એવો મુક્તિ અદ્વેષ મહત્વનો ભાગ ભજવે છે.

**(૧૪) અપુનર્બંધક-બત્રીસી :** ચૌદમી બત્રીસીમાં ધર્માધિકારી તરીકે અપુનર્બંધકનું વિસ્તારથી નિરૂપણ ગ્રંથકારશ્રીએ કરેલ છે.

આવા જીવનો પરિણામ આંશિક રીતે મોક્ષને અનુકૂળ હોય છે ગુરુસેવા વગેરે કરવા પાછળ તેના અંતઃકરણમાં મુખ્યતયા આત્મકલ્યાણનો આશય હોય છે. આવો જીવ ભદ્રક પ્રકૃતિવાળો હોવાથી શાંત અને ઉદાત્ત બને છે. જે ક્રોધ વગેરેથી હેરાન ન થાય તેને 'શાંત' કહેવાય છે. જેનું અંતઃકરણ ઉમદા હોય તે 'ઉદાત્ત' કહેવાય.

**(૧૫) સમ્યગ્દષ્ટિ-બત્રીસી :** રાગદ્વેષના અતંયત તીવ્ર પરિણામ (=ગ્રંથિ) ને ભેદનાર સમ્યગ્દષ્ટિ કહેવાય. તે ધર્મશ્રમણકામના, શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુદેવાદિની પૂજા-આ ત્રણ ચિન્હ દ્વારા ઓળખાય છે.

સમકિતીને ભાવથી ચારિત્રને વિશે વધુ રાગ હોય છે. કર્મવશ કદાચ તેની પ્રવૃત્તિ ચારિત્રથી વિપરીત પણ હોય. યથાશક્તિ દેવ અને ગુરુની પૂજા કરે છે. તેમાં તે પોતાનાં ભોગસુંખની ખણજ પોષતો નથી. આ ત્રણ ચિહ્નો દ્વારા સમકિતીનું અનુમાન કરી શકાય.

**(૧૬) ઈશાનુગ્રહવિચાર-બત્રીસી :** દરેક આસ્તિક દર્શનકારે કોઈને કોઈ સ્વરૂપે ભગવાનના અનુગ્રહ-કરુણા-કૃપા-દયાને સ્વીકારે છે. પરંતુ ભગવાનનો અનુગ્રહ એટલે શું ? જૈન દર્શનમા ભગવદ્અનુગ્રહ કેવા સ્વરૂપે માન્ય છે ? તેનું સચોટ નિરૂપણ ૧૬મી બત્રીસીમાં કરેલ છે.

**(૧૭) દેવ-પુરુષકાર-બત્રીસી :** નસીબ બળવાન કે પુરૂષાર્થ બળવાન? આ સમસ્યાનું સચોટ સમાધાન મેળવવા માટે સદીઓથી લાખો-કરોડો લોકો સતત પ્રયત્ન કરી રહ્યા છે. માત્ર આસ્તિક જ નહિ, નાસ્તિક લોકોના મનમાં પણ આ સમસ્યા અવાર નવાર ઊભી થતી હોય છે. નાસ્તિક લોકો પણ 'Wish you best of luck, "OH ! My bad luck !"' વગેરે શબ્દપ્રયોગ દ્વારા જાણે-અજાણે કર્મનો તો સ્વીકાર કરતા જ હોય છે. ૧૭મી બત્રીસીમાં ઉપરોક્ત સમસ્યાનું સુંદર સમાધાન આપેલ છે.

**(૧૮) યોગભેદ-બત્રીસી :** યોગ-વિશારદોએ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયને યોગ કહેલ છે. ઉચિત પ્રવૃત્તિથી યુક્ત જીવનું ભગવાનના વચનાનુસારે થતું તત્વચિંતન કે જે મૈત્રી વગેરે ભાવોથી સંયુક્ત હોય, તે ચિંતન અધ્યાત્મ કહેવાય. મૈત્રી આદિ ચારેય ભાવના અધ્યાત્મમાં ઉપયોગી છે. સ્થિર, અખંડ, એકવિષયક, પ્રશસ્ત બોધને ધ્યાન કહેવાય.

ઈષ્ટ-અનિષ્ટ રૂપે માનેલા વિષયોમાં વિવેકદ્રષ્ટિથી તુલ્યતાબુદ્ધિ લાવવી તે સમતા કહેવાય. પરંતુ એ. સી. માં રહીને સેન્ટ-પર્ફ્યુમ લગાવીને, ડનલોપની ગાદીમાં બેસીને, પાન-મસાલા ચાવતા ચાવતા, સ્વપ્રશંસા સાંભળીને કેળવેલી સમતાને મિથ્યાસમતા જાણવી. ધ્યાન વિના સમતા નથી અને સમતા વિના ધ્યાન નથી. બન્ને પરસ્પર પૂરક છે.

**(૧૯) યોગવિવેક-બત્રીસી :** ૧૯મી બત્રીસીમાં ત્રણ પ્રકારના યોગ બતાવેલ છે, ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૦) **યોગાવતાર-બત્રીસી :** પાતંજલ-દર્શનમાં બતાવેલ યોગના વિવિધ પ્રકારોનો જૈનદર્શન માન્ય યોગમાં સમવતાર કરવાનું મહત્વનું કાર્ય ૨૦મી બત્રીસીમાં પૂ. ગ્રન્થકારશ્રીએ કરેલ છે.

સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર અને નિર્વિચાર-આ ચાર સમાપત્તિમાંથી છેલ્લી નિર્વિચાર સમાપત્તિનો અભ્યાસ પ્રકૃષ્ટ થતાં ચિત્ત વાસનાથી શૂન્ય અને સ્થિર એવા પ્રવાહને યોગ્ય બને છે. તેમાંથી ઋતંભરા પ્રજ્ઞા પ્રગટે છે.

(૨૧) **મિત્રા-બત્રીસી : ટૂંકસાર :** મિત્રા દષ્ટિમાં અહિંસાદિ યમને મેળવનાર સાધક અહોભાવથી ગુણાનુરાગ દ્વારા સુસાધુના આલંબને યથાર્થ રીતે અધ્યાત્મમાર્ગે આગેકૂચ કરે છે.

(૨૨) **તારાદિત્રય-બત્રીસી :** તારા નામની બીજી યોગદ્રષ્ટિમાંત યમ વગેરે આઠ યોગાંગમાંથી 'નિયમ'નો લાભ થાય છે. નિયમમાં પાંચ વસ્તુનો સમાવેશ થાય છે : શૌચ, સંતોષ, સ્વાધ્યાય, તપ અને ઈશ્વરપ્રણિધાન. ત્રીજી બલા દ્રષ્ટિમાં તત્વશ્રવણની પ્રકૃષ્ટ ઈચ્છાસ્વરૂપ ગુણ અહીં પ્રગટે છે. મનની બીજે ભટકવાની પ્રવૃત્તિ રવાના થાય છે. બલા દ્રષ્ટિવાળા જીવને આસન સિદ્ધ થાય છે. ચોથી દીપ્રાદ્રષ્ટિમાં પ્રાણાયામ નામનો યોગ હોય છે. આવા જીવો અશાંતિ-ઉકળાટ વિનાના અર્થાત્ પ્રશાંતવાહિતાસભર હોવાથી તેમનું મન યોગસાધનામાંથી ઉઠી જતું નથી.

(૨૩) **કુતર્કગ્રહનિવૃત્તિ-બત્રીસી :** ૨૩મી બત્રીસીમાં કુતર્કના ત્યાગ ઉપર ભાર આપેલ છે. કુતર્ક મિથ્યા-અભિમાનને વધારે છે. તેથી કુતર્કમાં આગ્રહ રાખવો તે મોક્ષાર્થી સાધકો માટે અયોગ્ય છે. જો અતીન્દ્રિય પદાર્થનું સ્વરૂપ સુધીના સુદીર્ઘકાળમાં જબ્બર તાર્કિક-શિરોમણિ પુરૂષો થઈ ગયા. તેમણે તે અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય પોતાની બુદ્ધિના બળે જ સચોટપણે કરી લીધો હોત.

માટે આગમમાં નજર કરતા સાધકે કુતર્કનો આગ્રહ છોડી દેવો જોઈએ. તો જ સાચા ધર્મની પ્રાપ્તિ થઈ શકે.

(૨૪) **સદ્દ્રષ્ટિ-બત્રીસી : ટૂંકસાર :** છેલ્લી જ યોગદ્રષ્ટિઓ ગ્રન્થિભેદ થયા પછી મળે છે. પૂર્વની ૪ યોગદ્રષ્ટિઓ ગ્રન્થભેદ થયા પહેલાં ચરમાવરતમાં મળે છે.

પાંચમી 'સ્થિરદ્રષ્ટિ'માં જીવને 'પ્રત્યાહાર' પ્રાપ્ત થાય છે. 'ભ્રમ' નામનો દોષ દૂર થાય છે અને 'સૂક્ષ્મબોધ' નામક ગુણ પ્રગટે છે.

છઠ્ઠી 'કાન્તાદ્રષ્ટિ'માં રહેલા જીવને પાસે પ્રકૃષ્ટ આત્મબળ હોય છે તથા શુભ અધ્યનસાયોની સ્થિરતા પણ લાંબી હોય છે. આવા યોગીના મનમાંથી દ્વેષ-વાસના-સ્વાર્થ જેવા ભાવો ઓગળી જતાં દીર્ઘ સમય સુધી તેમની પ્રશસ્ત ધારણા ટકે છે. તેથી મુખાકૃતિની સૌમ્યતા, શરીરની કાંતિ વગેરે વિકસે છે. આથી તે લોકપ્રિય બને છે.

સાતમી 'પ્રભાદ્રષ્ટિ'માં યોગીઓને થતો શુદ્ધ આત્મ-તત્વાનુભવ મધ્યાહ્નકાલીન સૂર્યપ્રકાશ સમાન હોય છે.

આઠમી 'પરાદ્રષ્ટિ'માં 'સમાધિ' નામનું અષ્ટમ અંગ મળે છે. મન નિર્વિકલ્પ હોય છે. આ દ્રષ્ટિ સમાધિનિષ્ઠ હોય છે.

(૨૫) **કલેશહાનોપાય-બત્રીસી :** મોક્ષમાં જવાની ભારે ઇચ્છા હોવા છતાં તેમાં કંઈક નડે છે. આ નડતરરૂપ તત્વને 'કર્મ' 'અવિદ્યા' 'અદ્રષ્ટ' અને 'પાશ' એમ વિભિન્ન દર્શનો ઓળખાવે છે. તે સંક્લેશ પેદા કરાવે છે.

જૈન સિદ્ધાન્ત પ્રમાણે સમ્યગ્જ્ઞાન અને સદનુષ્ઠાન=ક્રિયા જ કર્મરૂપી કલેશને દૂર કરવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સચોટ ઉપાય છે. જ્ઞાન અને ક્રિયાના સુમેળથી સંકલેશરૂપી આગથી છૂટીને સુરક્ષિતપણે મુક્તિનગરમાં પહોંચી જવાય છે.

**(૨૬) યોગમહાત્મ્ય-બત્રીસી :** ૨૬મી બત્રીસીમાં યોગનો મહિમા વર્ણવેલ છે. યોગના અભાવે શાસ્ત્રો પણ પંડિતોને સંસાર વૃદ્ધિ કરાવનાર થાય છે.

યોગરૂપી કલ્પવૃક્ષથી આ લોકમાં લબ્ધિઓ મળે છે. પલકોમાં અભ્યુદય અને અંતે પરમાત્મ-પદની પ્રાપ્તિ થાય છે.

પતંજલિ ઋષિના ''યોગ-સૂત્ર'' ગ્રન્થાધારે તથા જૈનદર્શનના આધારે યોગફળનું નિરૂપણ અહીં કરેલ છે.

**(૨૭) ભિક્ષુ-બત્રીસી :** ભીખ માંગીને ભૂખ ભાંગે તે ભિખારી જિનાજ્ઞા મુજબ ભિક્ષા દ્વારા દેહનિર્વાહ કરી સાધના સાધીને આત્મગુણની ભૂખ ભાંગે તે ભિક્ષુ અર્થાત્ જૈન સાધુ. તે અખંડ-નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરે છે. તેના ઉપાયરૂપે ગુરુવચન પારતન્ત્ર્ય સતત આરાધે છે. તે પાંચ મહાવર્તોમાં સદા રક્ત રહે છે. તે કષાયમુક્ત હોય છે. પરિગ્રહથી અને ગૃહસ્થસંબંધથી પણ મુક્ત રહે છે. તે ઇન્દ્રિવિજેતા હોય છે. તથા લાલસાથી રહિત અને સત્કાર-પૂજાની ઇચ્છા વગરના હોય છે.

**(૨૮) દીક્ષા-બત્રીસી : ટૂંકસાર :** દીક્ષા એટલે જેનાથી કલ્યાણનું 'દાન' અને અકલ્યાણનો 'ક્ષય' થાય છે તે જ્ઞાનીગુરુનો હાથ પકડીને ચાલનારો અજ્ઞાની શિષ્ય પણ ભવાટવીને પસાર કરીને મુક્તિનગરમાં પહોંચી જાય છે. દીક્ષા તો મોક્ષગામી વીરોનો માર્ગ છે. શરીરને પંપાળવું તે ઝેરી સાપને પંપાળવા સમાન છે. તેથી શરીરનો કસ કાઢવામાં દીક્ષાર્થી ઉત્સાહિત હોય છે.

**(૨૯) વિનય-બત્રીસી :** વિનય-બત્રીસીમાં નિયમના પ્રકારો, વિનયનું ફળ, વિનયની આવશ્યકતા, વિનયનો મહિમા વગેરે બાબતોનું હૃદયંગમ નિરૂપણ કરે છે. એકાદ શ્લોક આપનારા વિદ્યાગુરુનો પણ કાયમ 'વિનય' કરવો જોઈએ. વિનયથી જ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે, પરિણમે છે અને વૃદ્ધિગત થાય છે. વિનયનું ફલ સ્પર્શજ્ઞાન છે. તે સમાધિનિષ્ઠ ચિત્તમાં જન્મે છે.

**(૩૦) કેવલિભુક્તિ-બત્રીસી :**

વિનયયુક્ત સંયમની આરાધના કરતાં કરતાં હળુકર્મી બનેલો ઉપાસક કેવળજ્ઞાનને પામે છે. કેવળજ્ઞાની નિયતિવશ જીવોની યોગ્યતા પ્રમાણે ધર્મદેશના આપીને લોકોપકાર કરે છે. દેહધારણાર્થે કવલાહાર (ભોજન) પણ કરે છે. ઇત્યાદિ બાબતોનું હૃદયંગમ વર્ણન ૩૦મી બત્રીસીમાં મળે છે.

**(૩૧) મુક્તિ-બત્રીસી :** ૩૧મી બત્રીસીમાં પરમમુક્તિના સ્વરૂપ અંગે વિવધ દર્શનશાસ્ત્રોના મંતવ્યો સ્વરૂપ અંગે વિવિધ દર્શનશાસ્ત્રોમાં મંતવ્યો દર્શાવી જૈનદર્શન મુજબ પરમમુક્તિનું સ્વરૂપ ગ્રન્થકારશ્રીએ બતાવેલ છે.

જૈન મતે : સર્વકર્મક્ષય=મુક્તિ.

**(૩૨) સજ્જનસ્તુતિ-બત્રીસી :** ૧ થી ૩૧ બત્રીસીમાં વિવિધ વિષયોનું વિશદ પ્રતિપાદન કરીને છેલ્લી બત્રીસીમાં સજ્જનોની સ્તુતિ કરેલી છે.

*—ગુણવંત છો. શાહ*

*(ગુજરાત સમાચાર તા. ૨૮-૧૧-૦૩માંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન સમાજમાં ગૌરવ ધરાવતી અને ૯૯માં વર્ષમાં પ્રવેશ કરતી

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ-પાલીતાણા

''એક વર્ષનો વિચાર કરો તો દાણા વાવો,
વર્ષોનો વિચાર કરો તો વૃક્ષ વાવો;
સદીઓનો વિચાર કરતા હો તો,
કેળવણીનું વાવેતર કરો.''

કારણ કે સદીઓ પછી આ વાવેતર નવા મૂલ્યો સાથે સમાજની કાયા પલટ કરશે. આવા ઉમદા વિચારો અને સિદ્ધાંતો સાથે દેવોને પણ પ્રિય એવી પૂનિત ધરતી જેમની હવામાં આધ્યાત્મિક અને ધર્મની ભાવના ગુંજતી રહે છે એવા ગરવા ગિરિરાજની ગોદમાં પરમકૃપાળુ પરમાત્મા આદીનાથની છત્રછાયામાં વર્ષો પહેલાં સેવા મૂર્તિ શ્રી ચુનીલાલ નારણદાસ કાનુની પ્રેરણાથી જ વિદ્યાર્થી માટે શરૂ થઈ હતી. આ સંસ્થા વટવૃક્ષ સમાન બની જ્ઞાનગંગાની ગંગોત્રી વહાવતી. આ વિદ્યામંદિર ચૈત્ર સુદ ૧૦ ને બુધવાર તા. ૩૧-૩-૨૦૦૪ના શુભદિને ૯૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.

વર્ષોથી હજારો વિદ્યાર્થીઓના જીવનને નવપલ્લવિત કરી ધાર્મિક શિક્ષણ, વ્યાવહારિક શિક્ષણ શારિરિક, બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, યોગ અને કોમ્પ્યુટર જેવા વિવિધ શિક્ષણો દ્વારા વિદ્યાર્થીઓના જીવન નવી કેડીએ કંડારી સાંથોસાથ સમાજ અને દેશ-ભક્તિની ભાવના એમના દિલમાં પ્રવર્તાતિ રાખી છે. સમાજને ચરણે અનેક સંયમી આત્માઓ, વ્યાપારી, ડૉકટરો, ઈજનેરો તથા સમાજ સેવકોની ભેટ ધરી છે.

૯૯ વર્ષની આગવી મંજીલ સાથે શિક્ષણક્ષેત્રે આલેખતા ઈતિહાસના સોપાન ઉપર સુવર્ણ અક્ષરે નામ અંકિત કર્યું છે.

શિક્ષણ એ સમાજના ઉત્કર્ષનું પ્રથમ સોપાન છે. વિવિધ શિક્ષણના પ્રચાર અને પ્રસરતા માધ્યમથી સમાજ સંસ્કારી, સમૃદ્ધ અને સમાજ ઉચ્ચત્તમ શિખર કરી શકે છે કાર્યકરોની નિષ્ઠા-પૂર્વકની સેવા અને ભાવનાથી સંસ્થાના બાળકોમાં શિસ્ત અને અભ્યાસની તીવ્ર તાલાવેલી પ્રતિભા ઝળકી ઉઠી. જેની છાપ રાજમહેલની અટારીએ પહોંચી અને પાલીતાણાના પ્રજાવત્સલ મહારાજાશ્રી બહાદુરસિંહજીએ બાલાશ્રમને આ ભવ્ય પ્લોટ ભેટ આપતા ૧૯૯૦માં આ ભવ્ય સંકૂલ સાકાર બન્યું.

સંસ્થાનું સ્વતંત્ર મકાનનું સ્વપ્ન સાકાર થતા કાર્યકર, આગેવાનો તેમજ જૈન સમાજનાં ઉત્સાહ, ઉમંગની લહેર ઊઠી. ''વિદ્યામંદિર માત્ર ઈંટ કે ચૂનાના પથ્થરોથી નહી પરંતુ ચારિત્ર્ય સંસ્કાર અને જીવનઘડતર એટલે વિદ્યામંદિર'' એની પ્રાણપ્રતિષ્ઠા એટલે વિદ્યાર્થીઓનું ઘડતર કરવામાં સંસ્થાના ભૂતપૂર્વ ગૃહપતિ શ્રી ફૂલચંદ હરીચંદ દોશી, શ્રી વીરચંદ ફૂલચંદ દોશી તેમજ સંસ્થાના સેવાભાવી સત્યનિષ્ઠ કાર્યકરોથી આ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે. માનનીય પ્રમુખ શ્રી જાદવજીભાઈ સોમચંદ મહેતા, ઉ.પ્ર. શ્રી ભુપતરાય હીરાચંદ દોશી ટ્રસ્ટી શ્રી અનોપચંદ પિત્તામ્બરદાસ શાહ, જંયતીલાલ જાદવજી મહેતા, ઉત્તમચંદ છગનલાલ ગાંધી, મંત્રીશ્રી ભુપતરાય સી. મહેતા, કિશોરકુમાર એ. શાહ, શાન્તિલાલ એચ. શાહ, તેમજ સ્થાનિક કમિટિના માનદ્ સભ્ય શ્રી વેણીલાલ પી. દોશી, શાંતિભાઈ જી. મહેતા, ભાવનગર વાળા જીતેન્દ્રભાઈ આઈ શાહ, રમેશભાઈ એમ. શાહ, તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કાર્યકર મિત્રો અને શુભેચ્છકોની સંસ્થા પ્રત્યે આગવી સેવા ધગશ, ખંત અને શિક્ષણ પ્રત્યેની તેમની ભાવના સાથે પ્રેરણાથી સંસ્થા ઉત્તરોત્તર વિકાસ પામી રહી છે.

આવતા વર્ષે સંસ્થા ૧૦૦ વર્ષ પૂરા કરી શતાબ્દી ઉજવણી અંગે આજથી તૈયારી ચાલી રહી છે. ત્યારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પોતાના નામ, એડ્રેસ ટેલીફોન નંબર સંસ્થાને મોકલી આપવા વિનંતી :—

**ચંપકલાલ ટી. દોશી (ગૃહપતિશ્રી)**
**શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ**
**તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦ ફોન નં. ૨૩૩૮**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ–કૈલાસ માનસરોવર યાત્રા

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

**અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રામાં મેં કાંઈ જોયું જાણ્યું અને અનુભવ્યું તે બધું વાંચકોને મારા લેખો મારફત જણાવ્યું જે વાચકોને જે કાંઈ જીજ્ઞાસા થઈ હોય તે મને પત્ર લખી તથા રૂબરૂ મળી શકે છે. (મારૂં સરનામું :– કાન્તિલાલ દીપચંદ શાહ, પ્લોટ નં. ૬ શીલ્પીનગર, ભાવનગર-૩૬૪૦૦૧, ફોન નં. ૨૪૨૮૦૪૨)**

**તે ઉપરાંત મારી પાસે અષ્ટાપદ કૈલાસ માનસરોવર યાત્રા ઉપરના બે યાત્રિકોના અનુભવોનાં સુંદર લેખો આવ્યા છે જે તેમના શબ્દોમાં જ ઉતારૂં છું.**

૧. જૈન ધર્મના ઈતિહાસમાં પહેલીવાર જૈન મુનિએ અષ્ટાપદ કૈલાસ માનસરોવર યાત્રા કરી હોય. જૈન ધર્મનાં ઈતિહાસમાં આચાર્ય શ્રી રૂપચંદજીએ ભગવાન ઋષભદેવની નિર્વાણ ભૂમિ પવિત્ર કૈલાસ અષ્ટાપદ પર્વતની હિમાચ્છાદિત ચુલિકાઓ ઉપર જૈન ધ્વજ લહેરાવી ભક્તામર સ્તોત્ર દ્વારા આદિનાથ શ્રી ઋષભદેવ ભગવાનના ભક્તિભાવ પૂર્વક દર્શન કર્યા. ઘણું કરીને જૈન ઈતિહાસમાં આ પહેલી ઘટના છે કે એક જૈનમુનિએ નિર્વાણ ભૂમિ તથા માનસરોવરની યાત્રા કરી. અત્યાર સુધીમાં આ પવિત્ર ભૂમિમાં કોઈ મુનિ તથા શ્રાવક યાત્રા કરવા ગયા હોય. વળી ત્યાં કોઈએ પવિત્ર ભૂમિમાં જઈને જૈનધ્વજ લહેરાવીને ભક્તામરના પાઠ કર્યા હોય. આચાર્ય શ્રી રૂપચંદજી પહેલા મુનિ છે કે જેમને માનસરોવરની સિંધુ નદી સુધી સંતોની સાથે જઈને યાત્રા કરી અને પ્રાકૃતિક સ્થંભ પર જૈન ધર્મની ધ્વજા ફરકાવીને જૈન ધર્મના અહિંસા અને મૈત્રિનો સંદેશો આપ્યો. આ યાત્રામાં આચાર્યશ્રીની સાથે પરમાર્થ આશ્રમના પ્રમુખ સ્વામી શ્રી ચિદાનંદજી સરસ્વતીજી, ભાગવત કથા વિશારદ વ્યાખ્યાતા આચાર્ય શ્રી કિશોરજી વ્યાસ આદિ તેમની સાથે હતા. દરેક જણાએ એક જ સ્વરમાં મંગળ પાઠ કરી પ્રભુના ચરણોમાં એમની શ્રદ્ધા વ્યક્ત કરી. લંડનથી પધારેલા ધીરજ પુનિતાબેન શાહ તથા ભાવના જૈન વિગેરેએ પ્રભુ આદિનાથની નિર્વાણ સ્થળપર આરતી ઉતારવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કર્યું. પરમાર્થ ઋષિકેશ દ્વારા સંયોજીત ''વિશ્વ મૈત્રી પ્રસારણ''ના આ અભિયાનમાં માનપુરા પીઠના શંકરાચાર્ય સ્વામી દિવ્યાનંદ તીર્થ, પરમાર્થ આશ્રમના પ્રમુખ શ્રી ચિદાનંદ સરસ્વતી અને અન્યોની સાથે શ્રી રૂપચંદજીએ સાનિધ્ય પ્રદાન કર્યું.

(જૈન જગત, સપ્ટે. ૨૦૦૩ના હિન્દી અંક માંથી)

## જૈન સાહિત્યમાં શ્રી કૈલાસને જ અષ્ટાપદ કહે છે.

જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ વૃષભદેવ શ્રી કૈલાસ પર નિર્વાણ પામ્યા હતા એવું કહેવાય છે. શ્રી આદિનાથ માત્ર ૮ (આઠ) ડગલામાં જ આ ગુફામાં પ્રવેશેલા. તેઓના જ્યાં પગલાં છે તે વેદી સ્વરૂપે (નાના પથ્થરોથી બનાવેલ) હાલ ૨૧૦૦૦ફૂટની ઊંચાઈ પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલા છે. ઘણા લોકો શ્રી કૈલાસ ઉપર આવેલી આ ગુફામાં જવા માટે પ્રયત્ન કરે છે, પરંતુ ત્યાં પહોંચવું અત્યંત કઠિન છે. ઘણી વાર તેમારે સીધું ચઢાણ પર્વત ઉપર ચઢવું પડે છે. જો તમોને ચોક્કસ સ્થળની માહિતી ન હોય તો ગુફાનું સ્થાન નક્કી કરવું ઘણું જ મુશ્કેલ છે. ગુફા હુંફાળી છે. અંદર બરફ અને પવન બિલકુલ નથી. તે ખૂબ જ સુંદર છે. સૂર્યાસ્ત પહેલાં સૂર્યના કિરણો સીધા જ ગુફામાં પ્રવેશે છે. હું પોતે ભારતીય સમય મુજબ ૫:૩૦ થી ૬:૩૦ (સાંજે) સગભગ એક કલાક સુધી ત્યાં હતો. આ ગુફા ઘણી ઉંચાઈ પર આવેલ હોઈ સૂર્ય પ્રકાશ ત્યાં લગભગ સાંજે જ આવે છે અને અંધારું હોતું નથી. મારા ધારવા પ્રમાણે સાંજે ૭:૩૦ વાગ્યા પહેલાં સ્વચ્છ આકાશ હોય તો ગેંગટા ગોમ્પા ટોપ ઉપરથી અષ્ટાપદ ગુફાના દર્શન શક્ય છે. પણ જાણકાર માણસોની સહાય જરૂરી છે. હું માનું છું કે મોટા ભાગના તિબેટિયનો અષ્ટાપદ ગુફા સુધી ગયા જ નહીં હોય. હું લગભગ સવારે ૬-૦૦ વાગ્યે (ભારતીય સમય) તારચેનથી ''કરેંગે યા મરેંગે'' મનથી નક્કી કરીને કોઈપણ ગાઈડને સાથે લીધા વગર એકલો નીકળી પડ્યો. મનમાં નક્કી કરેલું જ કે શ્રી કૈલાસને આ યાત્રા દરમિયાન સ્પર્શવું જ છે. હું લગભગ ૮-૦૦ વાગ્યે ગેંગટા ગોમ્પા પહોંચ્યો ત્યાં મને બે લામાઓ મળ્યા. મેં પ્રણામ કરીને તેમને અષ્ટાપદ પરિક્રમા માટે સહાય કરવા વિનંતી કરી. બન્નેમાંથી વૃદ્ધ લામાએ સ્મિત આપીને યુવાન લામાને મારી સાથે જવા કહ્યું.

માર્ગમાં યુવાન લામાએ મારી હેન્ડબેગ લઈ લીધી, જેથી હું આરામથી ચાલી શકું. હવામાં ઓક્સીજનનું પ્રમાણ ઘણું જ ઓછું હોવાથી હું ખૂબ થાકી ગયેલો. પશ્ચિમ દિશામાં બે શિખરો પાર કર્યા પછી અવો સેરુલુંગ ગોમ્પા છુમછુ નદી પાર કરીને પહોંચ્યા. આ નદીથી આગળ જતાં તારચેન આવે છે. ત્યાં પહોંચતાં જ શ્રી કૈલાસના દર્શન થયા. જે એટલા સુંદર હતા કે હું ભાન ભૂલી ગયો. શેરુલુંગ ગોમ્પામાં બે નાની રુમો હતી. ત્યાં એક ખૂબ જ વૃદ્ધ પવિત્ર લામા હતા.તેમણે અમોને ખૂબ પ્રેમથી તિબેટીયન ચ્હા તથા થીજેલું યાકનું દૂધ આપ્યું, જે હું કદી વિસરી નહીં શકું. માત્ર ૧૫ મીટર ચાલ્યા હોઈશું અને ડાબી બાજુએ અષ્ટાપદના દર્શન થયા. જમણી બાજુએ છુમછુ નદી અને ડાબી બાજુએ રાવણ પર્વત છે. રાવણ પર્વતની બરાબર સામે મહાછાજા અને ન્યાન્રી ગોમ્પા છે. રાવણ પર્વતના શિખર ઉપર ખુબ જ મનોહર શિવલિંગ છે, જેનાં દર્શન કેટલાક કિલોમીટર દૂરથી પણ થાય છે. આ સમગ્ર વિસ્તાર ભારે બરફથી છવાયેલો છે. થોડું ચાલ્યા હોઈશું ત્યાં ખૂબ જ મોટા ચાર મોર ફરતા હતા, ફરી અડધો કિલોમીટર આગળ ચાલ્યા ત્યાં શ્વેત ધવલ કસ્તુરીમૃગ, લગભગ ૨૫-૩૦ની સંખ્યામાં દેખાયા. લગભગ અર્ધા કિલોમીટરનું કપરું ચઢાણ પૂરું કર્યું ત્યાં ફરીથી આશરે ૧૫ થી ૨૦ મોટા મોર અમારાથી ૪-૫ ફૂટ દૂર હતાં. વળી અર્ધા કિલોમીટર આગળ જતાં ૫૦ થી ૬૦ શ્વેત કસ્તુરી મૃગનું ઝુંડ જોવા મળ્યું. પછી આગળ કશું જ જોવા ન મળ્યું.

હવે પર્વતનું ખૂબ જ અઘરું ચઢાણ ચઢતા હતા. તીવ્ર ઠંડીથી શરીર ધ્રૂજતું હતું. મહા પ્રયત્ને અને પવિત્ર લામાની મદદથી, શ્રી કૈલાસ પર્વતના સીડી જેવા ભાગની નીચે જઈ પહોંચ્યા જ્યાં થીજેલો બરફ હતો. આ વિસ્તાર પસાર કરતાં, કેટલાય ટન બરફ ભયંકર અવાજ સાથે પડ્યો, પરંતુ શ્રી કૈલાસની કૃપાદ્રષ્ટિથી અમે બચી ગયા. આ પછીનું તમામ ચઢાણ અત્યંત વિકટ અને મુશ્કેલભર્યું હતું, પરંતુ શ્રી કૈલાસની પરમકૃપાથી અમે તેને પાર કરી ગયા. પૃથ્વી પર આનાથી સુંદર કોઈ જગ્યા હોઈ જ ન શકે. આંતરિક સીમાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મર્યાદા ન હોત તો હું કદાચીત મૃત્યુ પર્યંત અહીંયા જ રોકાઈ જાત. આ એક એવો અનુભવ છે, જેનું વર્ણન શક્ય નથી. એ તો અનુભવવું જ પડે. જો ક્યાંય પણ સ્વર્ગ છે, તો એ અહીં જ છે. શ્રી કૈલાસના અત્યંત પવિત્ર વાતાવરણનો અહીં તાદૃશ્ય અનુભવ થાય છે.

ત્યાં હજારોની સંખ્યામાં બરફની સળીઓ કાચ જેવી લટકતી હતી, જેને અડકવાની મનાઈ હતી. પાછા ઉતરતાં, કૈલાસ શિખર અને પાર્વતી શિખરને પાર કર્યા પછી નીચે ઉતરતાં આશરે ૪ કિલોમીટરના ઘેરાવાવાળું એક તળાવ જોયું જે, લગભગ ૨ કિલોમીટર જેટલું ઉંડુ હશે, તેને જોતાં જ એમ થયું કે હવે નીચે કેવી રીતે ઉતરાશે, પરંતુ પવિત્ર લામાની મદદથી અને ભોળાનાથની કૃપાથી અમો બરફની દિવાલમાંથી પાર ઉતરી શક્યા, જે પૂરતા સાધનોની મદદથી અને પ્રભુકૃપાથી કોઈ પર્વતારોહક જ ઉતરી શકે.

ખરેખર પ્રભુના પરમ ભક્ત જ આ રમણીય અને પાવન સ્થળ શ્રી કૈલાસ, અષ્ટાપદના દર્શન કરી શકે. જો દુનિયામાં ક્યાંય પ્રેમ, સત્ય, શાંતિ છે, તો તે માત્ર અહીં જ છે. આપણી લૌકિક જીંદગી આની પાસે કાંઈ જ નથી. હું એ પવિત્ર લામાનો જિંદગીભર ઋણી રહીશ, કે જેની કૃપાથી આ અદ્‌ભૂત દર્શનનો મને લાભ મળ્યો. શ્રી કૈલાસનો સ્પર્શ એ મારી જીંદગીની મહામૂલી મૂડી છે. આ જગતમાં મારી હવે બીજી કોઈ જ ઇચ્છા નથી. મારી તમામ ઇચ્છા ત્યાંના દર્શન માત્રથી પૂરી થઈ છે. (આ અનુભવ ખડગપુરથી વિહારયાત્રા કરતા સંત સ્વામી આનંદ ભૈરવીએ લખી મોકલ્યો છે.)

*(ગુજરાત સમાચારમાંથી સાભાર)*

With Best Compliments from :

*Kinjal Electronics*

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari-396445
Tele : (02637) 241 321 Fax : (02637) 252 931

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સૌરભ

❀ **શેઠશ્રી દીપચંદ ગાર્ડી દ્વારા ઉદાર સખાવત :**—ભાવનગર યુનિવર્સિટીને અંદાજે રૂા. ૧.૧૦ કરોડનું દાન આપવાની જાહેરાત જાણીતા દાનવીર શેઠશ્રી દીપચંદભાઈ ગાર્ડી દ્વારા કરવામાં આવી હતી. ભાવનગર યુનિવર્સિટીના વર્તુળોમાંથી મળતી માહિતી અનુસાર સાયન્સના સેમીનારમાં હાજરી આપવા આવેલા શ્રી ગાર્ડી સાહેબ સાથે કુલપતિશ્રીના નિવાસ સ્થાને ચિંતન બેઠક યોજાઈ હતી. જેમાં કુલપતિશ્રી નરેશ વેદ અને રજિસ્ટર શ્રી ભરતસિંહ પરમારે યુનિવર્સિટીના મુખ્ય દરવાજો કરવા, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, ફીઝીક્સના વિકાસ માટે ૧.૧૦ કરોડ રૂપિયા આપવાની ખાત્રી આપી હતી.

❀ **શ્વે.મૂ.પૂ. દેરાવાસી જૈન જ્ઞાતિના કોઈપણ વ્યકિતને તેના આરોગ્યની રાહત દરે તપાસ :** ભાવનગર ખાતે જરૂરિયાતવાળા શ્વે.મૂ.પૂ. દેરાવાસી જૈન જ્ઞાતિના કોઈપણ વ્યક્તિને તેના આરોગ્યની રાહત દરે તપાસ કરાવવા માટે 'શ્રી કાંતિલાલ નારણજી શાહ (તલાજાવાળા)ના ટ્રસ્ટે શહેરનું એક માત્ર આધુનિક નિદાન સેન્ટર ૐ શ્રી રામમંત્ર મંદિર ટ્રસ્ટ સાથે ખાસ વ્યવસ્થા ગોઠવી છે. દર્દીના તપાસનો અર્ધો ખર્ચ અથવા વધુમાં વધુ રૂા. ૧૦૦૦ સુધીની મર્યાદામાં ખર્ચ કે.એન.શાહ ચેરીટેબલ ભોગવશે. દર્દીએ શ્વે. સેવા સમાજની નીચે પૈકીની કોઈ એક વ્યક્તિનો પોતાના ડોકટરની ૐ શ્રી રામમંત્ર મંદિર ટ્રસ્ટ ઉપરની ચિઠ્ઠી જે તપાસ કરાવવાની હોય તેની વિગત સાથે ૐ શ્રી રામમંદિર ટ્રસ્ટ મેડીકલ સેન્ટર કાળીયાબીડ, વિજયરાજનગર સેન્ટર ઉપરની ચિઠ્ઠી મેળવી તપાસ માટે જવું. સંપર્ક :– પી.જી. બ્રધર્સ, ગીતા લોજ સામે, સુતારવાડ, (૨) ચંદ્રકાંત એન્ડ કું. (ટાણાવાળા) લોખંડ બજાર (૩) પારેખ પરમાણંદ વૃજલાલ એન્ડ બ્રધર્સ ભાવનગર ખાતે સંપર્ક સાધવો.

❀ **શ્રી મદ્રાસ પાંજરાપોળ-ચેન્નાઈ :**– પૂ.આ.શ્રી વિજયનિત્યાનંદસૂરિજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી આદિનાથ ભગવાનના જન્મ-દીક્ષા કલ્યાણક દિવસે ધી મદ્રાસ પાંજરાપોળ પશુ ચિકિત્સાલયનું ઉદ્‌ઘાટન, વિશ્વશાંતિ પ્રદાયક મહામંગલકારી સંક્રાંતિ સમારોહ તથા સકલ શ્રીસંઘની નવકારશીનો મહોત્સવ તા. ૧૪-૩-૦૪ને રવિવારના રોજ ધી મદ્રાસ પાંજરાપોળ, આયનાવરમ, ચેન્નાઈ ખાતે ઉજવવામાં આવેલ.

❀ **મુંબઈ-વાલકેશ્વરમાં આગામી ચાતુર્માસ :**—પ.પૂ.આ.શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા., પૂ. ગણિવર્યશ્રી યુગચંદ્રવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી હિતરુચિવિજયજી મ.સા. આદિનું આગામી ચાતુર્માસ સંયુક્ત પણે શેઠ ભેરૂલાલ કનૈયાલાલ કોઠારી રીલીજીયસ ટ્રસ્ટ, વિજયરામચંદ્રસૂરિ આરાધના ભવન, ચંદનબાળા એપાર્ટમેન્ટ, ૪, રતિલાલ ઠક્કર માર્ગ, વાલકેશ્વર, મુંબઈ-૬ ખાતે નક્કી થયેલ છે.

❀ **શ્રદ્ધાંજલિ અંકનું પ્રકાશન :**—જૈન જગતના પ્રસિદ્ધ ક્રિયાકારકા, શ્રી સિદ્ધચક્ર આરાધક, શ્રી અર્હત્ મહાપૂજન તથા શ્રી શ્રીપાલરાજાના રાસનું વાંચન અને પરમાત્મા શ્રી સિમંધરસ્વામીનું દિવ્ય ધ્યાન ચિંતન, મનન અને અનુપ્રેક્ષા કરાવી અનેક ભવ્ય જીવોને અપૂર્વ ભક્તિરસનું દિવ્ય પાન કરાવનાર શ્રાદ્ધવર્ય શ્રી બાબુલાલ કડીવાલા ગત તા. ૧૮-૧૦-૨૦૦૩ના રોજ સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામેલ છે. સ્વર્ગસ્થ શ્રીની ચિરંજીવ સ્મૃતિરૂપે શ્રદ્ધાંજલિ અંકનું પ્રકાશન વિચારેલ છે.

આ શ્રદ્ધાંજલિ અંક માટેની સામગ્રી-ફોટા-અનુભવો-લેખો-સંસ્મરણો વહેલી તકે નીચે જણાવેલ સરનામે મોકલવા નમ્ર અનુરોધ છે. પંડિત પૂનમચંદ કે શાહ, ૧૭૦૨, તુલસી ટાવર, સી.ટી. સેન્ટર પાછળ, એસ.વી. રોડ, ગોરેગાંવ (વેસ્ટ) મુંબઈ-૬૨ ફોન : (૦૨૨) ૨૮૭૨૧૬૯૭

❀ **મુંબઈમાં ધાર્મિક કાર્યક્રમો :**—પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રવચનકાર પૂ.પ.શ્રી પૂર્ણચંદ્રવિજયજી મ.સા. આદિની નિશ્રામાં મુંબઈ ખાતે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો સંપન્ન થયા છે. ગચ્છનાયક આ.શ્રી કલાપ્રભસૂરિજી મ.સા. સાથે પૂજ્યશ્રીનું આગામી ચાતુર્માસ નવરોજીલેન, ઘાટકોપર-મુંબઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાતે નક્કી થયેલ છે. પૂજ્યશ્રી દ્વારા સંપાદિત 'કલાપૂર્ણ કૃપાંજલિ' ભવ્ય સ્મૃતિ ગ્રંથ પણ તૈયાર કરવામાં આવેલ છે. જે અલ્પ સમયમાં પ્રકાશિત થનાર છે.

❀ **અનુમોદનીય દાન :**—ભાવનગરના વતની દાનેશ્વરી ડૉકટર રમણીકલાલ જે. મહેતાએ ભાવનગરની જાણીતી શ્રી રામ મંત્ર મંદિર હોસ્પિટલને એમ.આર.આઈ.નો નવો વિભાગ બનાવવા માટે રૂા. પચાસ લાખનું દાન આપેલ છે. આ નવો વિભાગ રૂા. બે કરોડના ખર્ચે તૈયાર થનાર છે. તા. ૧૫ માર્ચના રોજ ડૉ. શ્રી રમણીકભાઈ તેમના ધર્મપત્ની અ.સૌ. સાવિત્રીબેન સપરિવાર દ્વારા ભૂમિપૂજન કરવામાં આવેલ. ધન્યવાદ દાનેશ્વરીશ્રીને... મનહર મહેતા.

❀ **વર્ષીતપના પારણા :**—વર્તમાન અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર પરમ ઉપકારીશ્રી ઋષભદેવ પ્રભુએ આરાધેલા મહાતપના આંશિક અનુકરણરૂપ વર્તમાનમાં વર્ષીતપની મહાન આરાધના કરવામાં આવે છે. શ્રી શ્રેયાંસ કુમારે પ્રભુજીને ઇક્ષુરસ વહોરાવી પારણું કરાવેલ અને દાન-ધર્મનો માર્ગ ખૂલ્લો મુકેલ તેની સ્મૃતિમાં આજે પણ ઇક્ષુરસનું પારણું કરાય છે.

પૂ.આ.શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મ.સા.ના સદ્ઉપદેશથી ભીંજાઈ શ્રી જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખશ્રી દિવ્યકાંત મોહનલાલ સલોત (એડવોકેટ) તથા તેમના ધર્મપત્ની અ.સૌ. ગીતાબેન દિવ્યકાંત સલોતે સળંગ બે વર્ષ વર્ષીતપની સુંદર આરાધના આરાધેલ છે. ભાવનગરમાં ચાલુ વર્ષીતપની આરાધનામાં ૧૭ આરાધકો જોડાયેલા છે. વર્ષીતપનું પારણું તા. ૨૨-૪-૦૪ (વૈશાખ સુદ-૩ અખા-ત્રીજ)ના રોજ રાખવામાં આવેલ છે.

આ મહા વર્ષીતપના આરાધકોની અમો ભૂરિ-ભૂરિ અનુમોદના કરીએ છીએ અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

*—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.*

**: ધર્મારાધનાનો સ્વાદ :**

**કલાકો સુધી ચમચો દૂધપાકના તપેલામાં પડયો રહે છે છતાં એને સ્વાદનો અનુભવ થતો નથી. કારણ કે એ કઠોર છે.....**

**એક પળ માટે દૂધપાકનું ટીપું જીભ પર આવે છે અને એના સ્વાદનો અનુભવ જીભને તુર્ત જ થઇ જાય છે.....**

**ધર્મારાધનાનો સ્વાદ અનુભવવો છે ?**

**તો કઠોર નહી, કોમળ બનજો.**

*-પન્યાસ શ્રી રત્નસુંદરવિજયજી. મ.સા.*

**મેસર્સ સુપર કાસ્ટ**

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

**Manutacturer's of C.I. Casting. ✆ : 2445428 – 2446598**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મને જડ્યું રે જગતમાં ઉપકારી જિન શાસન સહુને સુખકારી.

જયવંતા જૈન શાસનની વિવિધ આરાધનાઓનો લાભ લઈ રહેલા લેસ્ટર અને યુરોપના ભાવિકો.

આધુનિક જીવનના આ યુગમાં જીનેશ્વર ભગવંતોએ બતાવેલ માર્ગની આરાધના અને પર્વોની ઉજવણીનો લાભ જૈનબંધુઓ ખૂબ જ ઉલ્લાસપૂર્વક લઈ રહ્યા છે. શાશ્વતી નવપદજી આયંબિલની આરાધના, પર્યુષણ પર્વની આરાધના, પ્રવચન, પ્રતિક્રમણ, ભાવના ભક્તિ અને વિવિધ તપોની આરાધનામાં ભાવિકો ઉલ્લાસપૂર્વક જોડાય છે. દિવાળી પર્વના છહુ, ભ.મહાવીરસ્વામી નિર્વાણ કલ્યાણક, મંત્રજાપ, દિવાળીનું ગળણું આદિ આરાધનામાં આરાધકો ઉત્સાહપૂર્ક લાભ લે છે. જ્ઞાનપંચમી, મૌન એકાદશી, તેમજ પોષ દશમના સમુહ અહુમતપ અને સમુહ એકાસણા કરીને પૂજા-પૂજન, પ્રતિક્રમણ અને ભક્તિજાપમાં ભાવિકો જોડાય છે.

યુરોપ દેશમાં લેસ્ટર શહેરનું જિનાલય જૈનોમાટે તીર્થધામ બન્યું છે. લંડન, માંચેસ્ટર, બર્મિંગહામ, એન્ટવર્પ આદિ આસપાસના નાના મોટા શહેરોમાંથી યાત્રિકો અત્રેપધારી સેવા, પૂજા અને ભક્તિનો લાભ લે છે. તેમજ સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીના ગ્રુપો અત્રે પધારી જૈન ધર્મની વિશેષ જાણકારી મેળવે છે. ભારત તથા અન્ય દેશોમાંથી અત્રે ટુરમાં આવનાર જૈનબંધુઓ લેસ્ટરના જિનાલયની યાત્રાનો લાભ લઈને જાય છે. એક જ છત નીચે શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી શ્રી ગુરુ ગૌતમસ્વામીજી ગુરુ મંદિર, શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર જૈનોની એકતાના દર્શન કરાવે છે.

અત્રેના જિનાલયના ૧૬માં વર્ષ નિમિત્તે મુળનાયકશ્રી શાંતિનાથ પ્રભુની જન્મ દીક્ષા અને મોક્ષ કલ્યાણકની ઉજવણી નિમિત્તે ઇંગ્લેંડની ભૂમિ પર સૌ પ્રથમવાર તા. ૧૬-૫-૦૪ને રવિવારના રોજ ૧૬૦૦ સમુહ સામાયિકનું અને શ્રી શાંતિનાથ પ્રભુનો ૧૬ લાખ મંત્રના જાપનું આયોજન કરવામાં આવનાર છે.

<u>નિબંધ સ્પર્ધા : વિષય</u> ।— 'મારી દૃષ્ટિએ જૈન ધર્મ' આ નિબંધ સ્પર્ધામાં વિજેતા થનાર પ્રથમ પાંચ વિજેતાઓને વિશેષ ઈનામો અને પાસ થનાર દરેકને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. નિબંધ તા. ૧-૫-૦૪ સુધીમાં નિચેના સરનામે પોસ્ટથી મોકલી આપવાનો રહેશે. આ નિબંધનું લખાણ ૩ થી ૫ ફૂલસ્કેપ પેપરની અંદર કરવાનું રહેશે. નિબંધ મોકલવાનું સરનામું :— JAIN SAMAJ EUROPE, 32, 0XFORD STREET, LEICESTER-LE15XU (U.K.)

*(જૈન સમાજ યુરોપના ટ્રસ્ટી ડૉ. શ્રી રમેશભાઈ મહેતા)*

## યાત્રા

મહાભારતના યુદ્ધપછીનો એક પ્રસંગ છે. યુધિષ્ઠિર કૃષ્ણ પાસે ગયા અને કહ્યું, પ્રભુ, આ યુદ્ધ દરમીયાન જાણે-અજાણે અમે ઘણાં પાપ કર્યા છે અમારી ઇચ્છા છે કે જુદા જુદા તીર્થોના દર્શન કરી તેમજ પવિત્ર નદીઓમાં સ્નાન કરી અને પાપ ધોઈએ. તમે સાથે આવો તો કૃપા થશે કૃષ્ણ મરક્યા, તેમણે કડવા લીમડાનો એક ગુચ્છ બનાવરાવી ધર્મરાજને આપ્યો અને કહ્યું, હું તો નહી આવું પરંતુ તમે જ્યાં સ્નાન કરો, ત્યાં આ ગુચ્છને પણ સ્નાન કરાવજો, પાંડવો યાત્રાએ નિકળ્યા. અનેક મંદિરોમાં દર્શન કર્યા, અનેક નદીઓમાં સ્નાન કર્યું, પેલા લીમડાના ગુચ્છને પણ સ્નાન કરાવતા ગયા, યાત્રા પૂરી કરી સૌ કૃષ્ણના આશીર્વાદ લેવા ગયા, અને લીમડાનો પેલો ગુચ્છ કૃષ્ણને પરત આપ્યો. બીજે દિવસે સભામાં કૃષ્ણે તે ગુચ્છમાંથી પાન પાંડવોને તથા સભામાં બેસેલા સર્વેને આપ્યા, પાન મોંમા મૂકતા કડવા લગ્યા, એ જોઈ કૃષ્ણે કહ્યું. આ લીમડાએ તમારાં જેટલા મંદિરોના દર્શન કર્યા, પવિત્ર નદીઓમાં સ્નાન કર્યુ છતાય કડવાશ ન ગઈ, તો સ્નાન કરવાથી તમારાં પાપ કેમ ધોવાય.

સારાંશ, અંતરનો મેલ ધોવો જરૂરી છે.

*સંકલન—મનહરભાઈ મહેતા*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો

(સં. ૨૦૧૮ પો. સુ. ૫ બુધવાર, સ્થળ : પોળની શેરી-પાટણ)

## વ્યાખ્યાન : ૩

**मंगलं भगवान् वीरो, मंगलं गौतमप्रभु ।**
**मंगलं स्थूलभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलं ॥**

દેવો પણ મનુષ્ય જન્મની પ્રાપ્તિ માટે અભિલાષા રાખે છે. એ મનુષ્ય જન્મ કેટલો દુર્લભ ગણાય...?

જ્ઞાન એ ચારિત્રનું સાધન છે. ચારિત્ર પૂજનીય છે. જે જ્ઞાનથી ભાવના પેદા થાય તે જ્ઞાન ઉપયોગી છે. જ્ઞાન ભાવ જગાડવા માટે છે. બધા જીવો કર્મથી બંધાયેલા ચાર ગતિમાં કેવી પીડા ભોગવી રહ્યા છે, એનું ભાન થવું અને તેમનું કેવી રીતે ભવભ્રમણ દૂર થાય તેવી ભાવના થવી તે સાચું જ્ઞાન છે.

શુભધ્યાનની પ્રાપ્તિનું સાધન જ્ઞાન છે. જ્ઞાન એ સાધન છે. ચારિત્ર એ સાધ્ય છે. દેવતાઓ પણ ચારિત્રવંતને નમે છે. દેવતાને ત્રણ જ્ઞાન છે. મુનિને બે જ્ઞાન છે. છતાં ચારિત્રના કારણે માત્ર બે જ્ઞાનયુક્ત પણ મુનિ દેવતાને વંદનીય બને છે.

દેવને ઉપરના ગુણઠાણા પ્રાપ્ત થઈ શકતા નથી. કારણ કે સુખ અધિક છે. એકલા સુખમાં ગુણનો વિકાસ થઈ શકે નહિ. તેમ નારકીના જીવોનું ગુણઠાણું પણ વધી શકતું નથી. કારણ કે ત્યાં એકલું દુઃખ છે. એકલા દુઃખમાં પણ ગુણનો વિકાસ થઈ શકતો નથી. જ્યારે મનુષ્ય ભવમાં સુખ અને દુઃખ બન્ને અત્યંત નથી. મધ્યમ છે. તેથી જ મનુષ્ય ધર્મ કરી શકે છે. ગુણઠાણું વધારી શકે છે. અતિ સુખ - દુઃખ વિકાસમાં બાધક છે. માટે જ ત્યાગની દ્રષ્ટિએ મનુષ્ય ભવ ઘણો અનુકૂળ છે.

શુભધ્યાનથી દેવાયું બંધાય છે. માત્ર શુભક્રિયાથી દેવાયુ ન બંધાય. ક્રિયા શુભ હોય પણ ધ્યાન શુભ ન હોય તો માયાચાર ગણાય. શરૂઆત ક્રિયાથી થાય છે. શુભધ્યાન માટે રાત્રિ અનુકૂળ છે. પંચ પરમેષ્ઠિનું ધ્યાન રાતે સુંદર થઈ શકે. દિવસે સ્વાધ્યાય જોઈએ અને આહાર અલ્પ જોઈએ. જો એમ થાય તો શુભધ્યાનમાં મન લાગે.

જેનામાં જેટલી શક્તિ હોય તેને તે પ્રમાણમાં સાધન મળી શકે એવી વિશાળ રચના જિનશાસનમાં છે. શ્રાવકોથી બીજું ન બની શકે તો તેઓ પ્રતિમાની પૂજા, પંચ પરમેષ્ઠિના સ્મરણરૂપ ધ્યાન કરી શકે છે. ત્રણ સંધ્યાએ ૧૨-૧૨ નવકાર ગણવા. એ શુભધ્યાનની તાલિમ માટે શ્રેષ્ઠ ઉપાય છે. નવકાર જિનશાસનનો એકડો છે. તે નવકારને સૂત્રથી, અર્થથી, વાક્યથી, મહાવાક્યાર્થથી અને ઐદંપર્યાયથી જાણી લેવો જોઈએ.

પ્રતિમા જોઈને એટલો અભ્યાસ પાડવો જોઈએ કે જ્યારે આપણે યાદ કરીએ ત્યારે એ પ્રતિમાનું રૂપ આપણી સામે ખડું થઈ જાય. ભગવાનના ધ્યાનપૂર્વક ભગવાનના રૂપથી દર્શન થાય. એમનું આત્મામાં સેવંદન થાય એજ સાચું દર્શન છે.

નવકાર સર્વ પાપનો નાશ કરનાર છે. આપણી ફક્ત ક્રિયા ફળતી નથી. પણ પરમેષ્ઠિના અચિંત્ય સામર્થ્યથી નમસ્કાર આપણા પાપનો નાશ કરવા સમર્થ બને છે. જેમ પુણ્યથી સુખ મળે છે એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચું, પણ દેવ - ગુરુ - ધર્મસ્વરૂપ નમસ્કાર મહામંત્રની સહાય વિના પુણ્ય બંધાતું નથી. નાનકડો પણ ધર્મ આપણું રક્ષણ કરે છે. એવો ધર્મનો અચિંત્ય પ્રભાવ છે. આપણી ક્રિયા તો સામાન્ય છે. માત્ર નમસ્કાર કરવારૂપ છે. પણ તેનું મોટું ફળ - અનેક ભવમાં કરેલા પાપના નાશરૂપ છે. તેમાં અચિંત્ય પ્રભાવ પરમેષ્ઠિઓનો છે.

આપણે ટ્રેનમાં બેઠા એટલી જ ક્રિયા કરી પણ ટ્રેનના સામર્થ્યથી તે એક જ દિવસમાં સેંકડો માઈલ દૂર પહોંચે છે. તેમ નવકારરૂપી રથમાં બેસવારૂપ સામાન્ય ક્રિયાથી, મોક્ષનું અનંત સુખ મળે છે. તેમાં અચિંત્ય સામર્થ્ય નમસ્કાર મંત્રમાં બિરાજમાન પરમેષ્ઠિઓનું છે. એ ખ્યાલમાં આવે ત્યાર બાદ ભાવ નમસ્કાર બને. ભાવ નમસ્કાર એટલે હું નમસ્કાર કરનાર અતિશય પામર છું. જેને નમસ્કાર કરૂં છું તે અતિશય મહાન છે. અચિંત્ય સામર્થ્યયુક્ત છે.

પોતાની સગવડ અને પોતાના સુખનો વિચાર છોડી જે સકળ સંઘની હિતચિંતા કરે છે તેવા પરમેષ્ઠિ ભગવંતોને નમવાથી આપણને પણ અચિંત્ય લાભ થાય છે. પરમાત્માની શક્તિ વડે આપણા પાપો નાશ પામે છે. અને આવા ભાવપૂર્વક નમસ્કાર કરવાથી, તે નમસ્કાર સ્વર્ગ અને અપવર્ગને આપનારો બને છે. ભગવાનની શક્તિ જ એવી છે કે જેના પ્રભાવથી તેમને નમવાનું આપણને મન થાય છે.

દુઃખીના દુઃખ દૂર કરવાની ઈચ્છાનું નામ દયા છે. તે દયા ધર્મનું મૂળ છે. બીજાના દુઃખ દૂર કરવાની ઈચ્છારૂપ દયા ધર્મ છે. દયામાં બધા શુભભાવ રહેલા છે. ધર્મમાર્ગમાં જીવ આગળ વધે છે. તેમાં લૌકિક અને લોકોત્તર અનેકોનો આપણા ઉપર ઉપકાર છે. એવું જે માને છે તેજ ધર્મની પ્રાપ્તિ માટે લાયક છે.

લૌકિક ઉપકારી માતા - પિતા - વિદ્યાગુરુ આદિ છે. લોકોત્તર ઉપકારી દેવ -ગુરુ - સાધર્મિક આદિ છે. જીવને આગળ વધાવનાર પોતા સિવાય બીજા અનેકો હોય છે. તે સર્વને ઉપકારી માનવા એનું નામ કૃતજ્ઞતા છે. કૃતજ્ઞતા વિના સમ્યગ્દર્શન નથી અને સમ્યગ્દર્શન વિના મોક્ષ નથી.

વીજળીની જેમ વીતરાગની પોતાની એવી અચિંત્ય શક્તિ છે કે જે આપણા બધાજ પાપોને બાળીને ખાખ કરી નાખે છે. વીતરાગની શક્તિ અચિંત્ય છે. તેના પ્રભાવથી આપણો નમસ્કાર સફલ થાય છે. આપણી ઉન્નતિમાં અરિહંત પરમાત્માનો ફાળો છે. કારણ કે તેઓનું દ્રવ્ય જ એવું વિશિષ્ટ છે. આપણે નમીએ છીએ તેથી લાભ છે એમ નહિ પણ જેને નમીએ છીએ તે અરિહંત છે તેથી લાભ છે.

લોભરૂપી પાપને થોભાવનાર નમસ્કાર મહામંત્ર છે. લોભાદિ કષાયોના કારણે આપણે અશુદ્ધિથી ભરપૂર છીએ. અંતઃકરણની શુદ્ધિ વિના સાચી વાત પણ સમજી ન શકાય. અંતઃકરણની શુદ્ધિ માટે એક ઉપાય છે કે તમે તમારે માટે જ સુખ ઇચ્છો છો, તે સુખ બધા માટે ઈચ્છો.

હૃદયશુદ્ધિની કસોટી એટલી જ છે કે આપણા અંતરાત્મામાં સૌના હિતની ભાવના છે કે નહિ ? તીર્થંકર ભગવાનની નિરંતર ભક્તિ કરનારે આટલી વિશાળતા તો લાવવી જ જોઈએ.

આપણે ભગવાનને પૂજીએ છીએ પણ ભગવાનની ભાવનાને પૂજતા નથી અને એથી જ વિશાળતા આવતી નથી. પ્રભુભક્તિનું સાક્ષાત્ ફળ 'ब्रह्मलोकस्य शान्तिर्भवतु' છે. સ્નાત્રના અંતે શાન્તિ કળશ વખતે મોટી શાંતિમાં આ પદ બોલવામાં આવે છે તેનું રહસ્ય વિચારવું જોઈએ.

❀❀❀❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંચ નમસ્કાર મહિમા


સમ્યક્‌ત્વમાં સ્થિર વૃત્તિવાળો પુરૂષ હોય છતાં તે, પાંચ નમસ્કાર તરફ વિશેષ ભક્તિ રાખતો હોય તો જ પોતાનું પરમ વાંછિત પામી શકે છે. અરિહંતો, સિદ્ધો, સૂરિઓ, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ એ પાંચ પરમેષ્ટિઓ છે અને એમને નમન કરવું તે નમસ્કાર કહેવાય અર્થાત્ ઉક્ત પાંચ પરમેષ્ઠિઓને નમન કરવું તે પંચનમસ્કાર કહેવાય. એ પાંચ પરમેષ્ટિઓને આદર--વિનય સહિત નમસ્કાર કરવામાં આવે તો એ નમસ્કાર, નમસ્કાર કરનારા જીવોને સમગ્ર કલ્યાણના કારતભૂત બને છે. જે જીવના ઘણા ઘણા પાપોનો ક્ષય થઈ ગયો હોય તે જ જીવ, એ પાંચ નમસ્કારમાંના એક એક અક્ષરને સવિનય મેળવી શકે છે અર્થાત્ ઘણું ઘણું પુણ્ય હોય તો જ નમસ્કારનો અક્ષર પણ મેળવી શકાય છે. જેમ સૂરજ અંધકારને હાકી કાઢે છે, ચિંતામણિરત્ન જેમ દાળદરને ફેડી નાખે છે તેમ ચિંતવવા માત્રથી જ એ નમસ્કાર સમગ્ર જાતના ભયોને નસાડી મૂકે છે. જેમ કે, જે પુરૂષ આદરપૂર્વક અને વિનય સહિત પંચ પરમેષ્ટિઓને નમસ્કાર કરે છે તેને ધગધગતો દાવાનળ દઝાડી શકતો નથી, ઝનૂનમાં આવેલો સિંહ પણ તેને મારી શકતો નથી, સર્પ પણ તેને પીડી શકતો નથી, ભૂત, શાકિનીઓ કે ડાકણો પણ તેને ડરાવી શકતી નથી, ચોર તેને લૂંટી શકતો નથી અને પાણીનું ધસમસતું પૂર પણ તેને ડુબાવી શકતું નથી. અથવા આટલું બસ નથી, પરંતુ જેનું મન નવકાર તરફ જ છે એવો અર્થાત્ પંચ પરમેષ્ટિઓને સવિનય નમસ્કાર કરનારો પ્રાણી આ લોક અને પરલોકમાં પોતાનું વાંછિત પામી શકે છે.

*(શ્રી આત્માનંદ પ્રકાશ પુસ્તક ૫૨ પાના નં ૧૪૯)*


**Mfrs. Of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes**

**JET ELECTRONICS**


Cassette House,
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire force Station,
DAMAN (U.T.) - 396210



Tel : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 803
E-mail : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi ind. Est.
Goregoan (E)
MUMBAI-400 069



Tel : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
E-mail : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## ફોર્મ નં. ૪ નિયમ ૮

(૧) પ્રકાશન સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા (રજીસ્ટર્ડ ટ્રસ્ટ)
ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

(૨) પ્રકાશન અવધિ : માસિક

(૩) મુદ્રક : પ્રકાશક : માલિક : શ્રી જૈન આત્માનંદ સભા–ભારતીય
ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧

(૪) તંત્રીનું નામ : પ્રમોદકાંત ખીમચંદ શાહ–ભારતીય.
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર–૩૬૪૦૦૧

હું પ્રમોદકાંત ખીમચંદ શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

તા.૧૬-૪-૨૦૦૪

તંત્રી
પ્રમોદકાંત ખીમચંદ શાહ
શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર



## આજે જ મંગાવો

જૈન જ્ઞાનભંડાર, લાઈબ્રેરી, પાઠશાળા તથા ગૃહસ્થોએ વસાવવા લાયક અમૂલ્ય ગ્રંથ

## ઉપદેશમાળા (ભાષાંતર)

પૂ. શ્રી ધર્મદાસ ગણિ વિરચિત અને પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ.સા.ની સદ્‌પ્રેરણા અને આર્થિક સહયોગથી શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર દ્વારા 'શ્રી ઉપદેશમાળા (ભાષાંતર)'નું પુનઃ મુદ્રણ કરવામાં આવેલ છે.

આ ગ્રંથ પરમાત્મા શ્રી વીરપ્રભુના હસ્તે સંયમ લેનાર, એમના જ શિષ્ય, અવધિજ્ઞાની શ્રી ધર્મદાસ ગણિવર્યશ્રીએ પોતાના સંસારી અવસ્થામાં રહેલા પુત્રના હિત માટે બનાવ્યો. એમાં માગધી ભાષામાં શ્લોક રચના છે. કુલ ૫૪૪ શ્લોક છે. એક વત્સલ પિતા પોતાના પુત્રને વાત્સલ્યસભર જે હિતવચનો કહે છે એનો સંગ્રહ છે ઉપદેશમાળા ગ્રંથ....! એ હિતવચનોમાં સંસારનું વાસ્તવિક સ્વરૂપ, વિષયની વિરૂપતા, કષાયની ઉત્કટતા, કર્મની વિચિત્રતા વગેરે સુંદર દૃષ્ટાંતો-કથાનકો દ્વારા વર્ણવ્યા છે.

**પુસ્તકની કિંમત રૂા. ૧૦૦=૦૦ (પોસ્ટેજ ખર્ચ અલગ)**

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : **શ્રી જૈન આત્માનંદ સભા**
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત) ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એપ્રિલ-૨૦૦૪ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

महापकारौ पितरावुपास्यं तीर्थमादिमम् ।
पूज्यपूजनतः पूजास्पदं संजायते जनः ॥

卐

માતાપિતાનો મહાન ઉપકાર છે. એ ઉપાસવા યોગ્ય પહેલું તીર્થ છે. પૂજ્યના પૂજનથી માણસ પૂજ્ય બને છે. ૨

卐

Parents are great banefactors. They are the first Teerth worth serving. A man becomes adorable by adoring the adorable. 2

*(કલ્યાણભારતી ચેપ્ટર-૧૮, ગાથા-૨, પૃષ્ઠ-૩૯૬)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
૩૦. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only